# મોબાઈલ મંચના પત્રો

## (શાળા વ્યવસ્થાપન સમિતિ)

www.inshodh.org



*બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાની શાળામાં શિક્ષક રમેશકુમાર રાઠોડ દ્વારા મોબાઈલ મંચના પત્રોનું પ્રદર્શન.*

**Indian Institute of Management Ahmedabad**
**in partnership with**
**Gujarat Council of Education Research and Training Gandhinagar**
**September 2018**

**ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ)**

ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ ભારતની પ્રથમ હરોળની વ્યવસ્થાપન (મેનેજમેન્ટ કોલેજ) સંસ્થા તરીકે ઓળખ ધરાવે છે.

અહીં રવી જે. મથાઇ સેન્ટર ફોર એજ્યુકેશનલ ઇનોવશેન સંદર્ભ એજ્યુકેશનલ ઇનોવશેન્સ બેંક અંતર્ગત ક્રિયાન્વિત છે.

અહીં પ્રાથમિક શિક્ષણમાં થઇ રહેલ નવતર પ્રવૃત્તિઓને સંગઠિત કરી તેના દસ્તાવેજીકરણ દ્વારા આ વિગત બીજી શાળા અને શિક્ષકો સુધી પહોંચાડવાનું કામ ચાલુ છે.


એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક

પ્રો. વિજય શેરીચંદ

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ,

વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫

ફોનઃ ૦૭૯-૬૬૩૨-૪૮૬૧/૪૮૭૦


**એજ્યુકેશનલ ઈનોવેશન્સ બેંક પ્રોજેક્ટ એડીટોરીઅલ ટીમ:**

- અવિનાશ ભંડારી (પ્રોજેક્ટ હેડ)
- મેધા ગજ્જર (પ્રોજેક્ટ એસોસીએટ)
- સંકેત સાવલિયા (પ્રોજેક્ટ આસિસ્ટન્ટ)
- લાલજી નાકરાણી (પ્રોજેક્ટ આસિસ્ટન્ટ)
- નિશાંષી શુક્લ (રીસર્ચ આસિસ્ટન્ટ)
- નિરુપા વઘાસીયા (પ્રોજેક્ટ આસિસ્ટન્ટ)

SMCના સહકારથી શિક્ષક અથવા SMC સભ્ય દ્વારા થયેલા પ્રયોગને લગતી માહિતીની શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો વચ્ચે આપ-લે કરવા માટે એક મંચ ઉભું કરવા એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક પ્રોજેક્ટ અંતર્ગત મોબાઈલ ટેકનોલોજી (તકનીક) આધારિત ચર્ચાનું મંચ ૨૦૧૪માં IIMA અને GCERT અંતર્ગત ચાલી રહેલ પ્રોજેક્ટ એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંકમાં શરૂ કરવામાં આવેલુ હતું.

આ મંચની મદદથી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવેલ નવીન પ્રયોગો વિશેની તથા સંલગ્ન બાબતોની માહિતી નિયમિત મળી રહેવાથી એમને પ્રાથમિક શિક્ષાની ગુણવતા સુધારવા માટે આ મંચમાં શિક્ષણને લગતા પ્રશ્નો સીધી અથવા આડકતરી રીતે પુછવામાં આવે છે. શિક્ષકો અને એસ.એમ.સી.સભ્યો પ્રશ્નોના જવાબ આપે છે. તેમજ જુદા-જુદા મુદાઓ પર પોતાના મંતવ્યો રજુ કરે છે. મળેલા જવાબ માંથી શ્રેષ્ઠ જવાબ પસંદ કરી તેનો ૧૫ પોઈન્ટનો પત્ર જવાબ આપના SMC સભ્યને પરત મોકલવામાં આવે છે.

જૂન, ૨૦૧૪ થી મે, ૨૦૧૬ સુધી ૭૦ પ્રશ્નો SMC સભ્યને પૂછવામાં આવ્યા છે. જવાબ આપનાર સભ્યોને ૩,૫૯૪ પત્રો IIMA (Indian Institute of Management Ahmedabad) દ્વારા મોકલવામાં આવ્યા છે. આ તમામ પત્રને સંગ્રહિત કરીને આ પુસ્તક રજુ કરવામાં આવ્યું છે. શાળા અને SMCને લગતા તમામ મુદ્દાઓને આવરીને પૂછાયેલા પ્રશ્નો અને તેના પર SMC સભ્યોના મંતવ્ય અને ઉકેલ આપ આ પુસ્તકમાં વાંચી શકશો. અમને આશા છે કે આ પુસ્તકનું વાંચન આપના માટે અને શાળા માટે ઘણું ઉપયોગી રહેશે.

એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક ટીમ
રવિ જે. મથાઈ સેન્ટર ફોર એજ્યુકેશનલ ઇનોવેશન
ઈન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ
5 સપ્ટેમ્બર 2018

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નોની કેટેગરી | પેજ |
|---|---|---|
| ૧ | ગણિત | ૫ |
| ૨ | વાંચન, લેખન અને મૌખિક અભિવ્યક્તિ | ૭ |
| ૩ | હાજરી અને અનિયમિતતા | ૯ |
| ૪ | મધ્યાહ્ન ભોજન | ૧૨ |
| ૫ | ગુણવત્તાલક્ષી શિક્ષણ | ૧૪ |
| ૬ | મૂલ્ય શિક્ષણ | ૨૧ |
| ૭ | પરીક્ષા અને મૂલ્યાંકન | ૨૩ |
| ૮ | ICT | ૨૫ |
| ૯ | કન્યા શિક્ષણ | ૨૭ |
| ૧૦ | વિશેષ જરૂરિયાત વાળા બાળકો | ૩૧ |
| ૧૧ | શાળા વાતાવરણ | ૩૪ |
| ૧૨ | શાળા વિકાસ આયોજન | ૪૨ |
| ૧૩ | શાળા સમુદાય સબંધો | ૪૮ |



# ગણિત

**(૧) પ્રશ્ન: આપના વિદ્યાર્થીઓને આપ સ્થાનિક જ્ઞાન (ઉ.દા. કાંટા દ્વારા ગાણિતિક ખુણાની માહિતી સમજાવવી) દ્વારા પાઠના મુદ્દા સમજાવો છો?**
**આપના ગામમાં આ પ્રકારનું સ્થાનિક જ્ઞાન હોય તો તેની ટૂંકી વિગત જણાવો અને જો તે જ્ઞાન આપ શાળામાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગમાં લેતા હોવ તો તેની પણ વિગત જણાવો.**

**તારણ:** આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) અંગ્રેજો મરી મસાલા લેવા માટે ભારત આવ્યા હતા તેની અગત્યતા સમજાવવા માટે બજારમાં જઈને મરી મસાલાનો (એલચી, લવિંગ વગેરે) નો ભાવ તપાસવાનું કહેવામાં આવ્યું.

૨) વિદ્યાર્થીઓને ખેતી અને સ્થાનિક વનસ્પતિનું જ્ઞાન છે તેમજ તેઓ સ્થાનિક વનસ્પતિને ઓળખે છે તેના માધ્યમથી તેમણે વનસ્પતિના ઉપયોગ, બીજની વિકાસ યાત્રા, વનસ્પતિના વિવિધ અંગો શીખવવામાં આવે છે, સ્થાનિક ઔષધિનું પ્રદર્શન ગોઠવવામાં આવે છે. વિવિધ બીજ એકઠા કરીને એકદળી અને દ્રીદળી બીજની સમાજ આપવામાં આવે છે.

૩) સામાજિક વિજ્ઞાનમાં સ્થાનિક સરકાર પાઠ ભણાવવા માં સ્થાનિક સરપંચ, તલાટી, તાલુકા પ્રમુખ વગેરે ની માહિતી આપવામાં આવે છે.

૪) ગામમાં પૌરાણિક સ્થળ આવેલા છે જેમાં કોતરણી અને જૂની લીપી છે, જેના બાળકો જાણકાર છે બાળકોને સામાજિક વિજ્ઞાન ભણાવવા માટે તે જ્ઞાન નો ઉપયોગ કરવામાં આવે છે.

૫) દરિયા કાંઠા માંથી પથરા નો ઉપયોગ, ગામ ના તળાવ (નિકોલ બંધારા-માહુવા) આવતા યાયાવર પક્ષી નો અભ્યાસ કરાવવામાં આવે છે. પશુ પક્ષી તથા વનસ્પતિનું પુરતું જ્ઞાન છે કારણકે શાળા જંગલ માં જ આવેલી છે.

૬) શાળાની આસપાસ રહેતા લોકોનું વક્તવ્ય રાખવામાં આવે છે.

૭) ખેતર અને વાડીમાં થતી ઔષધીય વનસ્પતિનો ઉપયોગ કરી કઈ વનસ્પતિ કયા રોગ માટે ઉપયોગી છે તેની સમજ આપવી.

૮) બાળકોને તેમના ખેતરનું જે જ્ઞાન હોય છે તેનો ઉપયોગ જમીનના, બીજના પ્રકાર શીખવવામાં, પાકોની માહિતી આપવી.

૯) સ્થાનિક પરિસ્થિતિઓનો ખ્યાલ આપવા માટે ખેતર અને ઘરની મુલાકાત કરાવડાવી.

૧૦) ગામ માંથી નકામી લાકડીઓ વીણી લાવ્યા અને તેના દ્વારા ખૂણા ની સમજ આપવામાં આવી.




# વાંચન, લેખન અને મૌખિક અભિવ્યક્તિ

(૧) પ્રશ્ન: બાળકોના શબ્દભંડોળ વધારવા માટે શું શું પ્રયત્ન કરવા જોઈએ ?

તારણ: આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) દર અઠવાડિયે શબ્દકોશ માંથી પાંચ શબ્દો શોધી લાવવા

૨) રોજ બોર્ડ ઉપર પાંચ નવા શબ્દો લખીને

3) શબ્દોની ક્વિઝ સ્પર્ધા દ્વારા

૪) રોજ પ્રાથનાસભામાં બાળકોએ બે કે ત્રણ નવા શબ્દો અને તેનો અર્થ જણાવવો



# હાજરી અને અનિયમિતતા

**(૧) પ્રશ્ન: ગામના બાળકોનો શાળામાં પ્રવેશ કરાવવા માટે આપની શાળા વ્યવસ્થાપન સમિતિ ક્યા કર્યો કરે છે? તેની ટૂંકી વિગત જણાવો.**

**તારણ**: એસ.એમ. સી. સમિતિ દ્વારા બાળકોના પ્રવેશ માટે નીચેની પ્રવૃત્તિ કરવામાં આવે છે.
૧) એસ.એમ.સી. સભ્યો દ્વારા શિક્ષણથી વંચિત બાળકોની યાદી બનાવી તેમના વાલીઓને તેમના બાળકોનું નામાંકરણ કરાવવા માટે સમજાવવામાં આવ્યા.
૨) એસ.એમ.સી. સભ્યો ટ્રાન્સપોર્ટેશન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી અને દરેક ગામ લોકોને તેમના બાળકોને શિક્ષિત બનાવવા સલાહ આપી.સભ્યો ધોરણ ૧ માં વિદ્યાર્થીઓનું ૧૦૦ % નામાંકરણ થાય તેની ચકાસણી કરે છે.વાલી સંપર્કમાં શિક્ષકોને મદદ કરે છે અને પ્રવેશ પત્રિકા દ્વારા બાળકોને પ્રોત્સાહન આપે છે.
૩) શાળામાં એસ.એમ.સી.મિટીંગ તથા વાલી સંમેલન બોલાવી ગામનાં ૬ થી ૧૪ વર્ષનાં શાળા આવવા પાત્ર બાળકોની યાદી તૈયાર કરી જન્મના પ્રમાણપત્ર મેળવ્યાં અને શાળા પ્રવેશોત્સવની જાણ કરી.
૪) સમિતિ દ્વારા જાન્યુઆરી માસમાં પ્રવેશ બાબત મિટિંગ યોજવામાં આવે છે ત્યારબાદ સર્વેનું આયોજન કરીને તેની સમીક્ષા કરવામાં આવે છે. વાલી મુલાકાત કરીને પ્રવેશનું મહત્વ સમજાવવામાં આવે છે
૫) સ્થળાંતર કરીને આવતા વાલીઓના બાળકોને શાળામાં દાખલ કરવા સભ્યો જાણકારી આપે છે. તેટલું જ નહિ પણ, જરૂર પડે આચાર્ય સાથે ફોન કે રૂબરૂ મળી તે બાળકોના દાખલ કરાવવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. શાળાના આચાર્યશ્રીએ સરકાર દ્વારા શાળામાં આપવામાં આવતી તમામ સુવિધાઓનું પેમ્પફ્લેટ તૈયાર કરી તેની પ્રતો સમગ્ર વિસ્તારમાં વહેંચવામાં આવી.

**(૨) પ્રશ્ન: એક શાળામાં ધોરણ ૧ માં કન્યા કરતા કુમારનું નામાંકરણ વધુ થાય છે અને કન્યાઓની હાજરી અનિયમિત રહે છે. ધોરણ 6 થી ૮ માં ભણતી કન્યાઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે. આપ આ સંજોગોમાં કન્યાઓના નામાંકરણ અને હાજરી વધારવા ક્યા પગલા લેશો?**

**તારણ**: મોટા ભાગના (૩૭%) એસ.એમ.સી. સભ્યોના માટે તેઓ કન્યા નામાંકરણ અને હાજરી વધારવા દર માસના અંતે સૌથી વધુ હાજર રહેનાર વિદ્યાર્થીનીને અવોર્ડ આપશે અને બાળકીના અભ્યાસ માટે સહાયરૂપ બન્યા હોય તે માતાપિતાને 'બેસ્ટ પેરન્ટસ અવોર્ડ' આપશે.
આ પ્રકારના શિક્ષકે કરેલ નવતર પ્રયોગની માહિતી નીચે મુજબ છે:
**નવતર પ્રયોગ**:
એક શિક્ષકને સમસ્યા હતી કે તેઓની શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ખુબ જ ઓછી હતી. સામાજિક અવરોધના લીધે વિદ્યાર્થીઓ શાળામાં આવતા ન હતા અથવા શાળા છોડી દેતા હતા. આ સમસ્યાના નિરાકરણ માટે શિક્ષકે દરેક વિદ્યાર્થીઓના જન્મદિવસ ઉજવવાનું શરુ કર્યું અને તે દિવસ તે વિદ્યાર્થીઓના વાલીઓએ શાળામાં છોડ ઉગાડવાનું શરુ કર્યું અને તે સાથે જ તેમણે એક પુસ્તક પણ

શાળા લાઈબ્રેરીમાં આપવાનું હોય છે. શિક્ષક દ્વારા શાળા ગીત પણ બનાવવામાં આવ્યું જે વિદ્યાર્થીઓ નિયમિત ગાય છે.

આ સાથે જે વાલી પોતાના બાળકના અભ્યાસ અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા હોય અને શાળા વિકાસ પ્રવૃત્તિ માટે ભાગ લીધો હોય તેમને 'બેસ્ટ પેરન્ટ્સ અવોર્ડ' આપવામાં આવ્યો.

આ પ્રવૃતિનું એ પરિણામ આવ્યું કે જે વિદ્યાર્થીઓ શાળા છોડીને ગયા હતા તેઓ શાળામાં પરત ફર્યા અને વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૯૨ થી વધીને ૨૯૩ થઇ. આ ઉપરાંત એક વધુ શિક્ષકની નિમણુક પણ કરવામાં આવી. શાળાએ બેસ્ટ સ્કૂલ અવોર્ડ જીત્યો અને વાલીઓ પણ સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃતિઓ માટે દાન આપતા થયા.

આદરણીય એસ.એમ.સી. સભ્યો, આપ પણ આ શિક્ષકે કરેલ નવતર પ્રવૃતિની જેમ આપની શાળામાં કન્યાઓના નામાંકરણ અને હાજરી વધારવા શિક્ષક સાથે પ્રયત્ન કરી શકો છો જેમાં વાલી અને વિદ્યાર્થીઓને સહાયક પ્રોત્સાહન આપવાથી તેઓને શૈક્ષણિક પ્રવૃતિમાં ભાગ લેવા પ્રેરણા મળશ



# મધ્યાહ્ન ભોજન

**(૧) પ્રશ્ન: શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો મધ્યાહન ભોજન માટે નીચેનામાંથી કઈ બાબતો ધ્યાનમાં લે છે?**

**તારણ**: આપના દ્વારા કરવામાં આવેલા મંતવ્યો અનુસાર જાણવા મળે છે કેએસ.એમ.સી સભ્યો બાળકોને સમાન રીતે બેસાડીને જમાડવામાં આવે છે કે નહી, બાળકો આ વ્યવસ્થાથી સંતુષ્ટ છે કે નહી, અને રસોઈમાં વાપરવામાં આવતા વાસણો બરાબર છે કે નહી તેવી બાબતો પર ઓછુ ધ્યાન આપી રહ્યા છે.
૧) એસ.એમ.સી. ના સભ્યોએ મધ્યાહન ભોજનમાં પૌષ્ટિક આહાર, ભોજન બનાવવાની જગ્યા, સમયસર ભોજન, રસોઈ માટે વાપરવામાં આવતા વાસણો અને ભોજનની ગુણવત્તા જેવી મહત્વની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.




# ગુણવત્તાલક્ષી શિક્ષણ

**(૧) પ્રશ્ન: શાળામાં કોઈ સમસ્યાના સમાધાનના રૂપે પ્રોજેક્ટના રૂપમાં બાળકો પાસે કોઈ કાર્ય કરાવેલ છે? ટૂંકમાં માહિતી આપો.**

**તારણ:** એસ.એમ.સી.સભ્યએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબની સાથે, જવાબ આપનાર એસ.એમ.સી.સભ્યનું નામ પણ આપેલ છે.

૧) ૯૫ શાળા પૈકી ૩૫ શાળાઓમાં "બચત બેંક" નામનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થી પોતાને મળતા ખીસાખર્ચ માંથી જે પૈસા બચાવે તે શાળામાં ચાલતી બેંકમાં જમા કરાવે અને જયારે આ નાણા ની જરૂર હોય અથવા તો જયારે શાળા માંથી પ્રવાસ જવાનો હોય ત્યારે આ નાણાનો ઉપયોગ કરતા હતા અને તેઓ જયારે શાળા છોડીને જતા હોય ત્યારે ખાતામાં જમા નાણા તેમને પાછા આપવામાં આવતા હતા. બેંક ચલાવવાની તથા સંભાળવાની બધી જવાબદારી શાળાના બાળકોને જ સોપવામાં આવી છે. શાળા દ્વારા ચાલતી બેંકમાં વિદ્યાર્થી,એસ.એમ.સી.સભ્ય તથા વાલીઓના ખાતા પણ છે.

૨) ૯૫ શાળા પૈકી ૧૮ શાળાઓમાં "રામહાટ" નામનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શાળામાં બાળકોને જરૂરી એવી સ્ટેશનરી વસ્તુ શાળામાં જ મળી રહે તે હેતુ થી "રામહાટ" શરુ કરવામાં આવ્યું છે જેમાં તેનું બધું સંચાલન ધોરણ પ્રમાણે બાળકની નિયુક્તિ કરીને કરવામાં આવે છે.

૩) એક શિક્ષકને શાળાના વિદ્યાર્થીમાં કુપોષણ હોવાનું તપાસ દ્વારા જાણ થઇ આ સમસ્યાના હલ માટે એક દાતાને કઠોળ નાસ્તામાં આપવાનું શિક્ષકે સૂચવ્યું. શરૂઆતના ૨ મહિના આ પ્રયોગ કર્યો અને બાળકો આ કઠોળ હોશભેર ખાતા થયા ત્યારબાદ અઠવાડિયાનો કોઈ એક દિવસ જે નક્કી કર્યો હોય ત્યારે બાળકો પોતાની જાતે ઘરેથી એક એક મુઠ્ઠી કઠોળ લઈને આવે અને તેને એક રાત્રી પલાળ્યા બાદ બીજા દિવસે બાળકોને આપવામાં આવે છે. આ પ્રવૃત્તિથી બાળકોમાં કુપોષણની સમસ્યા હલ થઇ છે. (શાસ્ત્રી શીવાંગીબેન - દાહોદ)

૪) બાળકો જયારે બીમાર હોય ત્યારે એન્ટીબાયોટીક દવા લે છે પણ બાળકો આ એન્ટીબાયોટીક દવાની જગ્યાએ આયુર્વેદિક દવા લે તે હેતુ થી શાળામાં એક "આયુર્વેદિક બોક્ષ" નામનો પ્રોજેક્ટ અમલમાં લાવ્યા છે.આ બોક્ષમાં કુલ ૧૫ પ્રકારની આયુર્વેદિક દવા રાખવામાં આવી છે અને તેની સાથે કયા રોગમાં કઈ દવાનો ઉપયોગ કરવો તેનું લીસ્ટ પણ મુકવામાં આવ્યું છે.બાળકો ઘરે પણ આયુર્વેદિક દવાના ઉપયોગ વિષે ચર્ચા કરે છે અને તેનો ઉપયોગ કરે છે. (ઉપાધ્યાય જયશ્રીબેન - અમરેલી)

૫) એક શાળામાં બાળકો શાળાએ મોડા આવતા હતા આ સમસ્યા હાલ કરવા માટે શિક્ષકે પ્રાર્થના સમયની પહેલા ૧૦ મિનીટ બધા ધોરણના વિદ્યાર્થીની હાજરી પૂરવામાં આવી અને જે વર્ગમાં ૧૦૦% હાજરી હોય તેના વર્ગખંડની બહાર ધ્વજ લગાવવામાં આવતો હતો.બાળકોને આ ગમતું હોવાથી બધા બાળકો નિયમિત સમય પ્રમાણે આવતા થયા. (બારડ અનિરુધ્ધભાઈ - ગીર સોમનાથ)

૬) બાળકો વિજ્ઞાન ટેક્નોલોજીમાં વધુ રસ લે તે હેતુથી શાળામાં એક "વિજ્ઞાન ટેકનોલોજીમાં અવનવું" નામનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો.જેમાં સમાચાર,મેગેઝીનમાં આવતી વિજ્ઞાન ટેકનોલોજીની માહિતી કટીંગ કરીને નોટીસબોર્ડ પર અને બીજી નકલ એક ફાઈલમાં લગાવવામાં આવતી હતી.આ ફાઈલ બાળકોને જયારે વાંચવી હોય ત્યારે તેઓને મળે છે અને બાળકો પણ આ માહિતી પોતાની નોટમાં લખતા થયા છે અને વિજ્ઞાન ટેકનોલોજીમાં રસ લેતા થયા છે. (પ્રજાપતિ અનિલભાઈ - પાટણ)

**(૨) પ્રશ્ન: શાળામાં તમે વર્ગખંડનો મહત્તમ ઉપયોગ કરીને વિષય વસ્તુ સમજાવવા માટે કોઈ નવીન પ્રવૃત્તિ કરી હોય તો ટૂંકમાં જણાવો.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબની સાથે, જવાબ આપનાર એસ.એમ.સી.સભ્યનું નામ પણ આપેલ છે.

૧) 60 શાળા પૈકી ૨૨ શાળાના વર્ગખંડમાં વિષયવસ્તુ ને અનુરૂપ ટી.અએલ.એમ., ચાર્ટ, વિવિધ રાજ્યના તથા દેશના નકશાઓ, પક્ષીના ચિત્ર, ઋતુ અને હવામાન અંગે જાણકારી, માણસના વિવિધ અંગ, ચારેય દિશા અને ખૂણા નું ચિત્ર, વિવિધ ફૂલો તથા શાકભાજીના ચિત્ર, વિવિધ દેશના નામ સાથે રાષ્ટ્રધ્વજ, ભૂમિતિના આકારો, કાર્ટૂન ચિત્ર, વાર અને મહિનાની સમજ આપતા પોસ્ટર વગેરે લગાડવામાં આવે છે.

૨) વર્ગખંડની દીવાલ સુશોભિત કરવા અને બાળકોને વાર તથા મહિનાના નામ સરળતાથી યાદ રહે તે હેતુથી દીવાલ પર ગુજરાતી, હિન્દી અને અગ્રેજી એમ ત્રણ વિષયમાં મહિનાના તથા વારના નામના તોરણ બનાવીને લટકાવવામાં આવ્યા છે. બાળકો સતત આ તોરમ જોતા હોવાથી સરળતાથી યાદ રાખતા થયા છે. (પટેલ રસિકભાઈ - અમદાવાદ)

(૩) બાળકો ગમ્મત સાથે અંગ્રેજી માં મહિનાના નામ શીખે તે હેતુથી શાળાના પગથિયા પર લખવામાં આવ્યું છે જેથી બાળક શાળાએ આવે ત્યારે અને ઘરે જાય ત્યારે સતત આ શબ્દ જોવે અને શીખે.આ ઉપરાંત વર્ગખંડમાં બાળકને ગુજરાતી,અંગ્રેજી,હિન્દી તથા સંસ્કૃત વિષય અવળે તે માટે વર્ગખંડની વસ્તુ પર આ ચાર ભાષામાં તેમનું નામ લખવામાં આવ્યું છે.જેથી બાળકો પોતાના રોજીંદા વ્યવહારમાં પણ તે શબ્દનો ઉપયોગ કરી શકે. (ધરાવિયા દિપકભાઈ - જામનગર)

૪) બાળકો વાંચનમાં રૂચી કેળવે અને સાથે તેમનો જનરલ નોલેજ વધે તે હેતુથી "ઓપન લાયબ્રેરી" નામનો પ્રોજેક્ટ એક શાળાએ હાથ ધર્યો છે.આ લાયબ્રેરીમાં કૂલ ૩૯૮ પુસ્તક છે આ પુસ્તક જનરલ નોલેજ,મહાનપુરુષોના જીવનચરિત્ર અને વાર્તા વિષે છે બાળકો આ પુસ્તક વાંચે છે અને શિક્ષક અઠવાડિયાના છેલ્લા દિવસે એટલેકે શનિવારે એક સવાલ-જવાબની સભા કરીને તેમાં ચર્ચાવિચારણા કરે છે.તદપરાંત શાળા લાયબ્રેરી માં પણ ૧૩૫૦ જેટલા પુસ્તકો છે.આ પુસ્તક એસ.એમ.સી.સભ્ય પણ વાંચવા લઈ જાય છે. (કનાડીયા જીતેશભાઈ - આણંદ)

**(3) પ્રશ્ન: શું આપે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ કૃતિઓ અથવા નવતર પ્રવૃતિઓનું પ્રદર્શન ગોઠવેલ છે અથવા તે માટે શિક્ષકોને સહાય કરેલ છે? તે વિષે ટૂંકમાં જણાવો.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યો દ્વારા શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ કૃતિઓ અથવા નવતર પ્રવૃતિઓનું પ્રદર્શન અથવા તે માટે શિક્ષકોને કરેલ સહાયની વિગત નીચે મુજબ છે:

૧) એસ.એમ.સી.સભ્યો શિક્ષકોને શાળાના ડિસ્પ્લે બોર્ડ પર વિદ્યાર્થીઓની કૃતિઓ તેમજ કવિતા, ટુચકા, સુવિચાર મુકીને તેમને પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે તેમજ સારા નમૂનાઓની ફાઈલ પણ બનાવવામાં આવે છે.

૨) શાળામાં વિજ્ઞાનમેળો, બાળમેળો, ચિત્રસ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પેપર કટિંગ, માટીકામ, તથા નવતર પ્રયોગો વગેરે વિવિધ સ્પર્ધાઓનું પ્રદર્શન એસ.એમ.સી. સભ્યોની મદદથી ગોઠવેલ છે. વિદ્યાર્થીઓ તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કામ કરે છે. એસ.એમ.સી સભ્યો, ગામના આગેવાનો તથા વાલીઓ અને નજીકની બીજી શાળાઓ આ પ્રદર્શન નિહાળવા ભાગ લે છે.
૩) એસ.એમ.સી. સભ્યોએ બાળ આનંદ મેલા માટે ભૂકંપ, ગ્લોબલ વોર્મિંગ, હાઈડ્રોલિક પંપ, હૃદય મોડેલ વગેરેનું પ્રદર્શન શિક્ષકો સાથે મળીને ગોઠવ્યું હતું.
૪) શાળામાં ધોરણ-૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના વિષયના એકમ અનુરૂપ વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ વિવિધ સર્જનાત્મક ટી.એલ.એમ નું શાળા કક્ષાએ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું જેમા શાળાના તમામ એસ.એમ.સી સભ્યોને શાળાના આચાર્યશ્રી સાથે આ પ્રદર્શન બતાવવામાં આવ્યુ. આ પ્રદર્શન એસ.એમ.સી સભ્યોએ ધ્યાનથી રસ પૂર્વક નિહાળ્યુ અને આ પ્રકારના જુદા જુદા અભ્યાસિક વિષયોને અનુરૂપ પ્રદર્શનો પણ શાળામાં ગોઠવાય તે માટેના સૂચનો એસ.એમ.સી સભ્યો દ્વારા કરવામાં આવ્યા.
૫) એસ.એમ.સી. સભ્યોએ શિક્ષકો સાથે મળીને જુલો બનાવ્યો છે જેમાં સર્કીટ ફીટ કરીને એવું નિર્માણ કર્યું છે કે જુલો ચાલે અને બોરમાંથી પાણી નીકળે.

**(૪) પ્રશ્ન: શાળા વ્યવસ્થાપન સમિતિની મીટીંગ ની કાર્ય પદ્ધતિ થી આપને સંતોષ છે કે કેમ? આપે કોઈ બાબત અંગે રચનાત્મક સૂચનો કરેલ છે?**

તારણ:
૧) ૭૪ % SMC સભ્યોને મીટીંગની કાર્ય પદ્ધતિથી સંતોષ છે.
૨) ૨૬ % SMC સભ્યોને મીટીંગની કાર્ય પદ્ધતિથી સંતોષ નથી.
SMC સભ્યો દ્વારા આપવામાં આવેલ અમુક મહત્વના સૂચનો નીચે પ્રમાણે છે:
૧) શાળા માં બાળકો નિયમિત આવે તે માટે કુટુંબ ના કોઈ યુવાન વ્યક્તિ ને જવાબદારી આપવી.
૨) બાળકોને કમ્પ્યુટરનું જ્ઞાન આપવામાં આવે છે કે નહિ તે માટે સૂચનો કરેલ છે.
૩) મધ્યાહન ભોજન નો પુરતો લાભ મળે છે કે નહિ તે માટે પ્રયત્નો કરવાની જરૂર છે.
૪) વાલી મીટીંગ માં વધુમાં વધુ વાલીઓ ભાગ લે તે માટે પ્રયત્નો કરવા.
૫) પ્રજ્ઞા અભિગમ થી વધુ માં વધુ વાલીઓને પરિચિત થાય એ ખુબ જરૂરી છે.
૬) કન્યા શિક્ષણ પર ભાર મુકવા માટે સુચન કરેલ છે.

**(૫) પ્રશ્ન: શું તમારી શાળામાં એસ.એમ.સી.એ શિક્ષણની દિશામાં પ્રથમ પગલું લેતા બાળક માટે રમતની સાથે શિક્ષણ આપવા માટે કોઈ નવીન પ્રવૃત્તિ કરેલ હોય તો તેની માહિતી ટૂંકમાં આપો.**

તારણ: એસ.એમ.સી. સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી.સભ્યનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં બાળકો નવા શબ્દો શીખે તે હેતુથી શાળામાં શબ્દોની અંતાક્ષરી રમાડવામાં આવે છે જેથી બાળકો નવા નવા શબ્દો શોધી લાવે અને ભણવામાં રૂચી રહે. (પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર)
૨) બાળકોને ૧ થી ૧૦૦ સુધીના અંકના કાર્ડ બનાવીને વર્ગમાં રાખવામાં આવ્યા છે, શિક્ષક બોર્ડ પર અંક લખે તે બાળકો કાર્ડ માંથી શોધે અને ટીચરને કહે.આ પ્રવૃતિથી બાળકો ઝડપથી અંક શીખ્યા છે. (સોરઠીયા ચંદુભાઈ - રાજકોટ)
૩) ટી.વી.માં અભ્યાસને લગતા એનિમેશન વાળા વીડિયો, એનિમેશન થકી બોધવાર્તાઓ ,મૂળાક્ષરો વાળા કાર્ડ પર રંગ કામ આપીને તથા કાર્ડ પર લખાવીને બાળકોને સરળતાથી શીખવાડી શકાય અને શાળાના વાતાવરણમાં ઢાળી શકાય. (રાજુભાઈ દેસાઈ - ભાવનગર)
૪) ધોરણ એકમાં બાળકને અચોક્કસ પથ્થર આપવામાં આવે છે અને ત્યારબાદ શિક્ષક બોર્ડ પર કોઈ અંક લખે છે બાળકો તે અંક મુજબ પથ્થરના જૂથ બનાવે છે. બાળકો આ પ્રવૃત્તિ હસ્તારમતા કરવાની હોવાથી રસપૂર્વક કરે છે અને ઝડપથી ગાણિતિક મુદ્દા શીખે છે. (દુષ્યંતભાઈ મહેતા - ગીર સોમનાથ)
૫) શાળામાં નવા પ્રવેશ લીધેલ બાળકોને શરુઆતમાં ચિત્રવાર્તા,બાળઅભિનય ગીત, પશુ - પક્ષીના અવાજો, વાહનોના અવાજ કાઢવા, રમતો રમાડવી જેવી પ્રવુતિ દ્વારા તેમને શાળામાં આવતા કરવાનું લક્ષ રાખીને આ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. (રસિકભાઇ પટેલ - અમદાવાદ)
6)શાળાની દીવાલ પર કક્કો અને અંક લખવામાં આવ્યા છે જેથી બાળકો રિશેષ તેમજ ફ્રી તાસ ના સમય માં ત્યાં જઈને સ્વ વાંચન કરી શકે. (વકતાભાઈ હડીયલ - બનાસકાંઠા)
૭) બાળકોને "કેટલા રે કેટલા – તમે કયો એટલા" રમત થકી બાળકોને અંક શીખવાડવામાં આવે છે. જેમાં શિક્ષક કોઈ એક સંખ્યા કહે છે તે મુજબ તેઓ જૂથમાં ગોઠવાઈ જાય છે. તથા આ પ્રવૃત્તિ થી બાળકોને સરવાળા અને બાદબાકી પણ શીખવાડી શકાય છે. (નરેશભાઈ પ્રજાપતિ - પાટણ)

**(૬) પ્રશ્ન: આપની શાળાના વિદ્યાર્થીઓ જયારે ઉચ્ચ અભ્યાસ કરવા માટે શાળા છોડીને જતા હોય છે ત્યારે વિદ્યાર્થી દ્વારા શાળામાં આપવામાં આવતી "સ્મૃતિ ભેટ" માટે તમે કોઈ નવીન પ્રવૃત્તિ કરવામાં આવે છે? ટૂંકમાં જણાવો?એસ.એમ.સી સભ્યની તેમાં શું ભાગીદારી રહે છે?**

**તારણ:** જે એસ.એમ.સી. સભ્યએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી.સભ્યનું નામ પણ આપેલ છે.
૧) એક શાળામાં વિદાય સંભારંભ વખતે વિદ્યાર્થીઓએ ફંડ ભેગો કર્યો અને જે રકમ થાય એના જેટલી રકમ એસ.એમ.સી.સભ્ય તથા બાળકોના વાલીઓએ ફંડમાં ભેગી કરીને મધ્યાહન ભોજનમાં વાસણની જે સમસ્યા હતી એ નવા વાસણ ખરીદીને દુર કરી. (પટેલ કુસુમબેન - ગાંધીનગર)
૨) એક શાળામાં શાળામાં વિદાય સંભારભ વખતે બાળકને શાળામાં હમેશા યાદ રાખે તે હેતુ થી જે બાળક વિદાય લઇ રહ્યું છે એના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવે અને આ વૃક્ષની જવાબદારી નાના ધોરણમાં અભ્યાસ કરતા તેના મિત્રને સોપવામાં આવે છે અને એ મિત્ર આ વૃક્ષની જવાબદારી ૧ વર્ષ માટે સંભાળે છે, આમ શાળામાં વૃક્ષોની સંખ્યા વધી છે અને બાળકો પ્રકુતિ પ્રત્યે સભાન બન્યા છે. (માલવ હીરાભાઈ - જુનાગઢ, ગોહિલ માનહારીબેન - જુનાગઢ, હડીયલ વકતાભાઇ - બનાસકાંઠા)

૩) શાળામાં ધોરણ ૮ ની વિદાય સંભારંભમાં બાળકો દ્વારા અપાતી ભેટ ના બદલા માં એસ.એમ.સી.સભ્ય બાળકોને એક-એક મહાપુરુષના જીવનચરિત્રનું પુસ્તક યાદગીરી રૂપે તથા ભોજન સંભારંભનું આયોજન કરવામાં આવે છે, અને આ સંભારંભમાં બાળકોના વાલીઓ એસ.એમ.સી. સભ્ય તથા બીજા અન્ય મહાનુભાવોને બોલાવવામાં આવે છે અને બાળકોને ભવિષ્યમાં અભ્યાસ કરવો તે અંગે માહિતગાર કરવામાં આવે છે. (ભાવસાર ચિરાગભાઈ - આણંદ)

૪) એક શાળામાં મહાનપુરુષોના ફોટા હતા નહિ તે માટે વિદાય લેતા બાળકોએ ફંડ ભેગું કરીને દર વર્ષે ૩ મહાનપુરુષના ફોટા આપવાનું વિચાર્યું આ પ્રવૃત્તિ દર વર્ષે કરવામાં આવે છે, આમ થોડા સમયમાં શાળામાં મહાપુરુષોના ઘણા ફોટા યાદગીરી રૂપે મળ્યા છે. (નરેશભાઈ - ગીરસોમનાથ)

**(૭) પ્રશ્ન: એક શાળાની એસ.એમ.સી.દ્વારા તથા શાળાના શિક્ષકોની મદદથી શાળાના વિધાર્થીઓને ગુણવતાલક્ષી શિક્ષણ ઘરે પણ મળી રહે અને શાળાનું ગૃહકાર્ય કરવામાં પણ મદદ મળી રહે તે માટે શેરી શિક્ષણ ચાલુ કરવામાં આવ્યું.શેરી શિક્ષણમાં ગામના શિક્ષિત યુવાનો બાળકોને મદદ કરે છે.આ કાર્ય કરવા માટે એસ.એમ.સી.સભ્યોના ઘરના આંગણામાં કે ઘરમાં જ શિક્ષા આપાય છે. શું આ પ્રકારની પ્રવુતિઓ દરેક શાળાની એસ.એમ.સી.દ્વારા થવી જોઈએ? શું આ પ્રકારની પ્રવુતિ કરેલ હોય તો તેની ટૂંક માં જાણકારી આપો.**

તારણ: એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી સભ્યોનું નામ પણ આપેલ છે.

૧) ૯૪% એસ.એમ.સી સભ્યો મત અનુસાર દરેક શાળાની એસ.એમ.સી દ્વારા આ પ્રકારની પ્રવુતિ થવી જોઈએ.

૨) ગામમાં ભણેલા વ્યક્તિના સહયોગથી શાળામાં નક્કી કરેલા દિવસે વધારાના વર્ગ દ્વારા બાળકોને વિવિધ તથા નવીન માહિતી આપવામાં આવે છે. (શિવાંગીબેન શાસ્ત્રી - જી. દાહોદ, ત્રિલોકભાઈ ગોહિલ- જી. જુનાગઢ.)

૩) હોશિયાર વિધાર્થીને તેમના ઘરની આસ-પાસના વિધાર્થીઓના ગ્રુપનો નેતા બનાવવામાં આવે છે. તેઓ ગ્રુપમાં ગુહકાર્ય કરે છે. (શિલ્પાબેન પ્રજાપતિ - જી. અમદાવાદ)

૪) વેકેશન દરમિયાન ગામના શિક્ષિત યુવાનો દ્વારા ૬ ટીમ બનાવીને દરરોજ ૧ કલાક બાળકો પાસે વાંચન અને બીજી શૈક્ષણિક પ્રવુતિ કરાવવામાં આવે છે. (ઠાકોર વિજયસિંહ - જી. અમદાવાદ)

૫) ગેરહાજર રહેલા વિધાર્થી માટે એસ.એમ.સી સભ્યના ઘરે શાળાના શિક્ષકો અને ગામના શિક્ષિત યુવાન દ્વારા વૈકલ્પિક વર્ગ ચલાવવામાં આવે છે. (સુરેશભાઈ ઠક્કર - જી. પાટણ)

**(૮) પ્રશ્ન: આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રો શાળાની કોઈ પ્રવુતિમાં ઉપયોગી થયા હોય તો તેની ટૂંકમાં માહિતી આપો.**

**તારણ:** એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યોનું નામ પણ આપેલ છે.

૧) આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રોમાં વાલી સંપર્ક કરી કન્યા કેળવણીમાં વધારો કરવા માટેનો નવતર પ્રયોગ કરી કન્યાની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો. (તેજાભાઈ પ્રજાપતિ - જી. બનાસકાંઠ, સુરેશભાઈ ઠાકર - જી. પાટણ)

૨) આઈ.આઈ.એમ. તરફથી મળતા પત્રો નિશાળાના શિક્ષકો અને એસ.એમ.સી. સભ્યો સાથે મળીને ચર્ચા કરવામાં આવે છે અને શાળાની સમસ્યાનો નવતર પ્રયોગ દ્વારા હાલ કરવામાં આવે છે. (અલ્તાફહુસેનભાઈ પટેલ - જી. ભરૂચ, વિલ્સનભાઈ રાઠોડ - જી. વડોદરા, સુરેશભાઈ નાગલા - જી. અમરેલી, મેહુલકુમાર પ્રજાપતિ - જી. મહેસાણા)

૩) ફરતું પુસ્કાલય બનાવી શાળાના લાઈબ્રેરીના પુસ્તકનો ઉપયોગ કરવામાં આવે છે અને પુસ્તકાલયનો ઉપયોગ બાળકો અને તેમના વાલીઓ કરે છે. આ રીતે બાળક અને વાલીઓમાં વાંચન પ્રત્યે રસ વધારવામાં આવે છે. (બાબુભાઈ મોર - જી. કચ્છ)

૪) આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રોના ઉપયોગ દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિ અન્વયે પ્લાસ્ટિક બોટલ માંથી ફુલદાની અને અન્ય જરૂરી વસ્તુઓ બનાવવામાં આવી. (ખુશાલીબેન બોડા - જી. કચ્છ)



# મૂલ્ય શિક્ષણ

**(૧) પ્રશ્ન: શું એસ.એમ.સી. સભ્યો દ્વારા વિધાર્થીઓને મુલ્ય શિક્ષણ મળી રહે તે માટે કોઈ પ્રવુતિ કરવામાં આવે છે? ટૂંકમાં વિગત જણાવો.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યો આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાની પ્રાર્થનાસભા બાળકે તૈયાર કરેલ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી અપાવનાર ક્રાંતિકારીઓના ૯૦ જેટલા કલર કાર્ડ્સ માંથી દરોરજ એક કાર્ડ રજુ કારવામાં આવે છે. (મેહુલકુમાર પ્રજાપત - મહેસાણા - 9428224326)

૨) શાળામાં પદ્ધતિસરનાં વિવિધ વૃક્ષોનું વાવેતર, ઉછેર કે જેમાં બધાં બાળકોને સાંકળી વૃક્ષો પ્રત્યે સભાન બની ઘરે, ખેતરે કે સીમમાં વૃક્ષોની ઉપયોગીતા સમજે છે. જેથી સમૂહજીવન, પ્રકૃતિપ્રેમ, જૂથકામ જેવા ગુણોનો વિકાસ થાય છે. (ઈશ્વરભાઈ હેમાભાઈ ચૌહાણ - બનાસકાંઠા - 9979413506)

3) શાળા મા અઠવાડિયે એક વાર બાળકો ભેગા મળીને ચર્ચા દરમિયાન તમે શાળામાંથી શુ શીખવા મળ્યુ અને બહારથી શુ શીખવા મળ્યુ એનુ મુલ્યાંકન કરવાનું કહેવામાં આવે અને રજાના દિવસોમાં તેનો પ્રોજેક્ટ બનાવવાનું કહેવામાં આવે (જીતેન્દ્રભાઈ સોલંકી - જુનાગઢ - 9726271758)

૪) શાળામાં પ્રાર્થનાસભા બાળકે કરેલ સારું કામ બાળક રજુ કરે અને ધોરણ પ્રમાણે સૌથી સારું કામ શાળાના બુલેટીન બોર્ડ પર બાળકના કામ અને ફોટા સાથે મુકવામાં આવે છે. (સુરેશભાઈ ધનજીભાઈ - અમરેલી - 9925943358)

૫) દરરોજ શાળાની પ્રાર્થનામાં આજનો દિન મહિમા અંતર્ગત મહાપુરૂષોના જન્મદિવસ, વિશેષ દિન, ઇતિહાસમાં આજનો દિવસ વગેરે શિક્ષકની સહાયથી બાળકો દ્વારા રજુ કરવામાં આવે છે. (દુષ્યંતકુમાર મેહતા - ગીર સોમનાથ - 9033231202)




# પરીક્ષા અને મૂલ્યાંકન

**(૧) પ્રશ્ન: શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકન અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો નીચેમાંથી કઈ જવાબદારી નિભાવે છે?**

**તારણ:** વિશ્લેષણ પરથી જાણવા મળ્યું કે શાળા વ્યવસ્થાપન સમિતિના મોટા ભાગના સભ્યો નીચેની તમામ જવાબદારીઓ નિભાવે છે.

૧) શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ વિષે શિક્ષકોને જાણકારી આપવી.
૨) શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ વિષે વાલીને જાણકારી આપવી.
૩) બાળકોની પ્રોફાઈલને આવરી લેતા માહિતી પત્રક ની જાળવણી કરવી.
૪) મૂલ્યાંકન માટે સમય પત્રક બનાવવું.
૫) વિશેષ જરૂરિયાત વાળા બાળકોની મુલવણી માટેના નિયમો થી વાલીને જાગૃત કરવા.

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ દ્વારા :

૧) વિદ્યાર્થીઓના વિકાસની ચકાસણી કરી વાલીઓ સમક્ષ રજુ કરી શકાય છે.
૨) વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો ડર દુર કરી સ્વ-મૂલ્યાંકન માટે પ્રોત્સાહિત કરી શકાય છે.
૩) વિવિધ વિષયોમાં નિશ્ચિત સમયે વિદ્યાર્થીઓમાં થયેલ પ્રગતિની માહિતી મેળવી શકાય છે.



# ICT

## (Information and Communications Technology)

**(૧) પ્રશ્ન: શું આપની શાળાની SMC એ બાળકોને શાળામાં ટેકનોલોજીની મદદથી ભણવવા માટે કોઈ પ્રયત્ન કરેલ છે? કયા પ્રયત્નો કરવામાં આવેલ છે? જો કોઈ પ્રયત્ન નથી કરેલ તો કારણ જણાવો.**

**તારણ:** સભ્યોએ આપેલ જવાબ પરથી જાણવા મળે છે કે ૩૬ શાળામાં સભ્યોએ પ્રયત્નો કરેલ છે. અને ૧૮ શાળાઓમાં સભ્યોએ પ્રયત્નો કરેલ નથી.

સભ્યો દ્વારા નીચે મુજબના પ્રયત્નો કરવામાં આવેલ છે:

૧) સભ્યોએ ૫૧૦૦૦ આપી શાળામાં પ્રોજેક્ટર વસાવ્યું.

૨) કોમ્પ્યુટર લેબ બનાવડાવી.

૩) ધોરણ ૧ થી ૪ નો તમામ પાઠ્યક્રમ "લેર્નીંગ ડી લાઈટ" નામના સોફ્ટવેરની મદદથી શીખવાડવામાં આવે છે.

૪) સભ્યો દ્વારા એક TV આપવામાં આવ્યું છે. જેના દ્વારા BISAGના કાર્યક્રમો બતાવવામાં આવે છે.

૫) લોકસહકારથી કમ્પ્યુટર ખરીદીને શિક્ષણમાં ઉપયોગ, ઈ-પુસ્તકાલયની સુવિધા પૂરી પાડવામાં આવી.

૬) સભ્યોએ પ્રિન્ટર આપેલ છે.

૭) સભ્યોએ ગામફાળો એકઠો કરાવ્યો અને શાળામાં કોમ્પ્યુટર અને લેઝર પ્રિન્ટર વસાવી આપ્યું.

૮) અંતરિયાળ તાલુકામાં એસ.એમ.સી કમીટી અને ગામના સહયોગથી મલ્ટીમીડીયા રૂમ જેમાં પ્રોજેક્ટરની મદદથી કોમ્પ્યુટર દ્વારા તેમને ગુજરાત શિક્ષણવિભાગના બાયસેગના પ્રોગ્રામ મોટી સ્કીન પર બતાવવામા આવે છે.

જે શાળામાં પ્રયત્નો નથી કરવામાં આવ્યા તેના કારણો નીચે મુજબ છે:

૧) ટેકનોલોજીનો ઉપયોગ ભણાવવામાં કઈ રીતે થાય તે વિશે સભ્યો અને ગામલોકો અજાણ છે.

૨) ગ્રાન્ટ નથી આર્થીક રીતે ગામ સધ્ધર નથી.

૩) સભ્યો જાગૃત નથી અને ગામ ફાળો મેળવવામાં નિષ્ફળતા.

૪) સભ્યો સરકારની જવાબદારી સમજે છે.

૫) બાળકોના સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવામાં આવે છે શાળા ખુબ જ પછાત અને ગરીબ વિસ્તારમાં આવેલ છે.

સભ્યોના મંતવ્યો મુજબ જાણવા મળે છે જો સભ્યો એકત્ર થઈને પ્રયત્ન કરે તો લોકફાળો એકઠો કરીને શાળામાં કમ્પ્યુટર ની સુવિધા પૂરી પડી શકાય છે અને બાળકોને ટેકનોલોજીની મદદ થી શિક્ષણ આપી શકાય છે.




# કન્યા શિક્ષણ

**(૧) પ્રશ્ન: શાળામાં કન્યાઓનું ડ્રોપઆઉટ અટકાવવા માટે કોઈ નવીન પ્રવૃત્તિ કરેલ છે? ટૂંકમાં જણાવો.**

**તારણ:** એસ.એમ.સી.સભ્યએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી.સભ્યનું નામ પણ આપેલ છે.

૧) ૫૩ શાળા પૈકી ૨૦ શાળામાં નિયમિત પણે વાલીમીટીંગ, દીકરી-માતા મીટીંગ કરવામાં આવે છે. દીકરીઓને આગળ અભ્યાસ ચાલુ રાખવા માટે માર્ગદર્શન આપવા માટે કાર્યક્રમનું આયોજન કરાવવું, હાઈસ્કુલ જો બહુ દૂર હોય તો તેમને નજીકમાં આવેલ આશ્રમશાળા અને જ્ઞાતિ હોસ્ટેલ બતાવીને કન્યા અને વાલીઓને મુલાકાત કરાવવવી, સરકારશ્રી તરફથી મળતી વિવિધ સ્કોલરશીપ, સહાય અને વિવિધ યોજનાની જાણકારી આપવી. અભ્યાસની સાથે સાથે દીકરીઓ પોતાના પગ પર ઉભી રહી શકે તે હેતુથી તેઓને શાળાની અંદર સિલાઈકામ, મહેંદીકામ અને ભરતગુંથણ જેવા ક્લાસીસ કરાવીને તેઓને શાળાએ આવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તદુપરાંત ગામની કન્યાઓ કે જે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ હોય અથવા ઉચ્ચ જગ્યાએ નોકરી મેળવી હોય, તેઓને શાળામાં સન્માન કાર્યક્રમ રાખીને સન્માનિત કરવામાં આવે છે.

૨) એક શાળામાં ધોરણ ૮ પછી કન્યાઓનો ડ્રોપઆઉટ ઓછો કરવા માટે જુન-જુલાઈ માસની વચ્ચે શાળાની અંદર કન્યા કેળવણી વિષે જાણકારી આપવામાં આવે છે. આ જાણકારી જીલ્લા અને તાલુકા લેવલના ઉચ્ચહોદ્દા પર પહોંચેલ સ્ત્રી દ્વારા આપવામાં આવે છે, જેમાં અભ્યાસનું જીવનમાં મહત્વ અને તેના ફાયદાઓ એ મુદ્દા પર ચર્ચાવિચારણા પણ કરવામાં આવે છે. કન્યા વિદ્યાર્થીના માતાપિતાને પણ આ અંગે સમજાવવામાં આવે છે. (મેહતા દુષ્યંતભાઈ - ગીરસોમનાથ)

૩) એક શાળામાં જે કન્યાઓને ધોરણ ૮ પછી ધોરણ ૯ માં પ્રવેશ ના લીધો હોય તેવી કન્યાઓને તેમના ઘરે જઈને આ પાછળનું કારણ જાણવામાં આવે છે અને તે કારણનો યોગ્ય હલ કાઢવામાં આવે છે. જો તેઓના માતાપિતાને આર્થિક સમસ્યા હોય તો કન્યાઓને આગળ અભ્યાસ કરવા માટે જોઈતી આર્થિક મદદ, દાતા પાસેથી કરાવી તેનો અભ્યાસ શરુ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. (નરેન્દ્રભાઈ - ગીરસોમનાથ, શાસ્ત્રી શિવાંગીબેન - દાહોદ, બારોટ હિતેશભાઈ - બનાસકાંઠા)

૪) એક શાળામાં જે કન્યાઓને ધોરણ ૮ પછી ધોરણ ૯ માં પ્રવેશ લીધો હોય પણ આર્થિક રીતે નબળી હોય તેવી કન્યાઓને શાળામાંથી સાયકલ, ચોપડા, કપડા અને શાળાની ફી આપવામાં આપવામાં આવે છે. હાલ શાળામાં ૨,૦૦,૦૦૦ રૂપિયાની એફ.ડી. છે, તેમાંથી આ મદદ કરવામાં આવે છે. (લીલા કમલેશભાઈ - રાજકોટ)

**(૨) પ્રશ્ન: શું આપની શાળા માં કન્યાઓની હાજરી વધારવા માટે અથવા હાજરીને નિયમિત કરવા માટે કોઈ ખાસ પ્રયત્નો કરવામાં આવે છે? જો હા, તો કયા પ્રકારના પ્રયત્ન કરેલ છે? તેનું શું પરિણામ આવ્યું?**

**તારણ**: મોટા ભાગના એસ.એમ.સી. સભ્યો શાળામાં કન્યાઓની હાજરી વધારવા અને નિયમિત કરવા માટેના પ્રયત્નો કરે છે જેની માહિતી નીચે મુજબ છે:

૧) શાળામાં કન્યા માટે અલગ બેઠક, અલગ શૌચાલયની વ્યવસ્થા, શાળા સુધી આવવા માટે સાઈકલ અને મફત સ્ટેશનરીની વ્યવસ્થા કરવામાં આવી જેથી તેઓ શાળાએ આવવા પ્રેરાય.

૨) શાળામાં કન્યાઓ માટે વિશેષ ભરતગુંથણના વર્ગનું આયોજન તેમજ મહેંદી સ્પર્ધા,રંગોળી સ્પર્ધા,રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે જેથી કન્યાઓના કૌશલ્યનો વિકાસ થાય અને તેઓ નિયમિત શાળાએ આવતા થાય.

૩) સભ્યોએ શાળામાં કન્યાની હાજરી વધારવા માટે ગામમાં ચાલતા મહિલા મંડળ સાથે સંકલન કર્યું હતું, અને તેઓ સાથે મળીને જે કન્યા અનિયમિત હતી તેમની માતાને સમજાવવામાં સભ્યોની મદદ કરતા હતા.

૪) દર મહીને વધારે સૌથી વધુ હાજર રહેનાર કન્યાઓને વર્ગમાં સન્માનિત કરવામાં આવે છે અને વર્ષના અંતે નિયમિત વિદ્યાર્થીનીને ઇનામ આપવામાં આવે છે.જેનાથી વિદ્યાર્થીનીઓ નિયમિત થવા લાગી અને ત્યારબાદ આ અમલીકરણ બધા ધોરણમાં કરવામાં આવ્યું.

૫) શાળામાં કન્યાઓ દરરોજ આવે તે માટે શાળા સમયની શરૂઆતમાં રામાયણના એપિસોડ બતાવવામાં આવે છે.

૬) શાળામાં વાલી સંમેલન, મહિલા સંમેલન, સરકારી યોજનાઓનો પ્રચાર જેવા કાર્યક્રમ રાખ્યા જેમાં કન્યા શિક્ષણની અગત્યતા અને સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન વિષે જણાવવામાં આવે છે જેથી વાલીમાં જાગૃતિ આવી શકે.

૭) નાટક અને શિક્ષણના મહત્વ આધારિત ફિલ્મ બતાવીને વિદ્યાર્થીઓને અને વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત કર્યા અને તેમની મનગમતી પ્રવુતિનું આયોજન કર્યું જેનાથી કન્યાઓનું શાળામાં હાજરી વધી.

૮) શાળામાં કન્યાઓને ટુકડીનાયક, મહામંત્રી જેવી વિશેષ જવાબદારી આપવામા આવે છે જેથી તેઓને વિશેષ જવાબદારી દ્વારા શાળાએ આવવા અને સોંપેલ કાર્ય કરવા માટેનું પ્રોત્સાહન મળે.

### (૩) પ્રશ્ન: કન્યા શિક્ષણને પ્રાધાન્ય આપવા અને કન્યાઓની હાજરી વધારવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિએ કઈ કઈ પ્રવૃત્તિ કરેલ છે? અને તેનું શું પરિણામ શું આવ્યું?

**તારણ** : શાળા વ્યવસ્થાપન સમિતિએ કરેલ પ્રવૃત્તિ નીચે પ્રમાણે છે.

૧) નિયમિત વાલી મીટીંગ

૨) શાળામાં કુમાર અને કન્યાઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા કરવી.

૩) શાળામાં કિશોરી મેળાનું આયોજન, કન્યા જાગૃતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ, રસોઈ હરીફાઈ, નિયમિત શાળાએ આવતી કન્યાઓને પ્રોત્સાહિત કરવી, પ્રવેશ ઉત્સવ, કન્યા કેળવણી અને શિક્ષણનું મહત્વ,વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી પ્રવૃતિઓ કરવાથી કન્યાઓની હાજરીમાં વધારો જોવામળ્યો.

**(૪) પ્રશ્ન: આપની શાળાના એસ.એમ.સી. સભ્યોએ શાળાના શિક્ષકોને કન્યા શિક્ષણ માટે પ્રોત્સાહન આપવા જેવી નવીન પ્રવૃતિમાં મદદ કરેલ છે? કઈ રીતે?**

**તારણ:** મોટા ભાગના એસ.એમ.સી. સભ્યો કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા વિવિધ પ્રવૃતિઓ કરે છે જે નીચે મુજબ છે.

૧) શાળાની ધોરણ ૮ માંથી ૯ માં પ્રવેશ લેતી કન્યાઓને અભ્યાસ માટે બાજુ ના ગામમાં જવું પડે છે જે માટે કોઈ વાહનની સુવિધા નહોતી. એસ.એમ.સી. સભ્યોના સહકારથી એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી અને આજે વિદ્યાર્થીનીઓ કોઈ અગવડ વિના ઉચ્ચ અભ્યાસ કરે છે.

૨) કન્યા શિક્ષણ માટે સભ્યો એન.જી.ઓ. ના સહકાર અને શિક્ષિત વાલીઓની મદદ દ્વારા ગામમાં યાદી મુજબ ઘરની મુલાકાત લઈને કન્યાઓના ઉચ્ચ અભ્યાસ માટે વાલીઓને સમજાવે છે. આ ઉપરાંત શાળામાં અભ્યાસ કરી ચૂકેલ વિદ્યાર્થીઓને પણ આગળના અભ્યાસ માટે પણ શિક્ષક દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

3) સભ્યો કન્યા શિક્ષણ જાગૃતિ ફિલ્મ બતાવે છે તદ્દુપરાંત પ્રદર્શન, મહિલા જાગૃતિ શિબિરનું આયોજન, કન્યા શિક્ષણના મુદ્દા પર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

૪) એક શાળામાં શિક્ષિકા બહેનોએ ગામમાં અભ્યાસ કરતી દરેક કુમારીકાઓને એક લેટર આપ્યો જેમાં શિક્ષણ અંગેનાં ફાયદા અને સરકાર તરફથી કન્યાઓને અપાતી સહાય વિષે વાકેફ કર્યા જેથી વિદ્યાર્થીનીઓ શાળાએ આવવા પ્રેરાય અને ચાલુ વર્ષે ગામની તમામ પાંચ વરસની કન્યાઓને ૧૦૦% પ્રવેશ આપવામાં સફળતા મળી છે. એનું પરિણામ છે કે આજે તેમની શાળામાં કુમાર કરતા કન્યાઓની સંખ્યા વધારે છે. આ તમામ પ્રવૃતિમાં એસ.એમ.સી. સભ્યોનો સહકાર હંમેશા રહ્યો છે.

૫) સભ્યો દ્વારા કન્યા કેળવણીનું નાટક ભજવી ગામમાં કન્યા શિક્ષણ અંગે તેઓ જાગૃતિ લાવવાના પ્રયત્નો કરે છે.



# વિશેષ જરૂરિયાત વાળા બાળકો

**(૧) પ્રશ્ન: વિકલાંગ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવા તથા સામાન્ય બાળક સાથે સમાન શિક્ષણ મળી રહે તે માટે શાળા વ્યવસ્થાપન સમિતિ સભ્યો દ્વારા કઈ કઈ પ્રવૃત્તિ કરવામાં આવેલ છે?**

**તારણ:** શાળા વ્યવસ્થાપન સમિતિએ કરેલ પ્રવૃત્તિ નીચે પ્રમાણે છે.

૧) ગામના વિકલાંગ બાળકોની યાદી તૈયાર કરી તેમના વાલી સાથે ચર્ચા કરી બાળક શાળામાં પ્રવેશ લે અને તેમને મળતા લાભમાટે તેમને જાગૃત કર્યા અને તેમને જરૂરી સાધન સામગ્રી ની કીટ અને ખુરશી પણ આપવામાં આવી.

૨) અન્ય બાળકો વિકલાંગ બાળકોની મજાક ન કરે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે.

૩) વિકલાંગ બાળક માટે રેમ્પ બનાવેલ છે તેમજ તેમને બસનો પાસ પણ કાઢી આપવામાં આવેલ છે.

૪) તેઓ રમતોત્સવમાં અન્ય બાળક સાથે ભાગ લે તે વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૫) શાળામાં હેલ્પર ની વ્યવસ્થા અને સ્પેશ્યલ શિક્ષક ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૬) જો બાળક દૂર થી આવતું હોય તો તેના માટે વાહન વ્યવસ્થા કરવામાં આવેલ છે અને નજીકથી આવતું હોય તો તેમની સાથે એક તંદુરસ્ત બાળક રહે તેનું ધ્યાન રખાય છે.

૭) વિકલાંગ બાળક માટે આરોગ્ય તપાસ કેમ્પ રાખવામાં આવેલ છે.

૮) વર્ગમાં વિકલાંગ બાળકો ને આગળની હરોળમાં અથવા શિક્ષક ની બાજુ માં બેસાડવામાં આવે છે.

૯) વાલીઓને તજજ્ઞો દ્વારા તાલીમ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું.

૧૦) શિક્ષકો વિકલાંગ બાળકને તેમની ઝડપ અને સમજશક્તિ પ્રમાણે ભણાવે છે.

૧૧) એસ્કોર્ટ અલૌઉન્સ આપવામાં આવેલ છે.

**(૨) પ્રશ્ન: લાંબા સમયથી બાળકોને જરૂરી સહાય મળે તેમજ કોઈ અડચણ વગર તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે શિક્ષક દ્વારા કરેલ પ્રવુતિની ટૂંકમાં માહિતી આપો.**

**તારણ:** એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી સભ્યોનું નામ પણ આપેલ છે.

૧) બીમાર બાળક શાળામાં લાંબા સમયથી ગેરહાજર રહેતા કે શાળામાં અનિયમિત આવતા વિધાર્થીઓ ની જાણ એસ.એમ.સી. સભ્યોને કરવામાં આવેછે અને શાળા ના શિક્ષક અને સભ્યો સાથે મળીને વાલીને જાણ કરી તેની સારવારમાં મદદરૂપ બને છે. (મેહુલકુમાર પ્રજાપતિ - જી. મહેસાણા)

૨) શિક્ષકે બીમાર બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે શાળાના હોશિયાર વિધાર્થીને તેની જવાબદારી સોપી અને શિક્ષકની મદદથી બાળકને અભ્યાસ કરવામાં આવતો. (ત્રિલોકભાઈ ગોહિલ - જી. જુનાગઢ)

૩) બીમાર બાળકના ઘરે શાળાના શિક્ષક તે વિસ્તારના એસ.એમ.સી સભ્ય સાથે બાળકના વાલી તેમજ બાળકની મુલાકાત લે છે. બાળકને મળતી જરૂરી સહાય સત્વરે બાળકના એકાઉન્ટમાં જમા થાય

છે.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા કરમસદ મેડિકલ હોસ્પિટલ દ્વારા મદદ મળે તે માટે શાળા દ્વારા પ્રયત્ન થાય છે.

૪) શાળાની એક બાળકીને લાંબા સમયથી વાલની બીમારી હતી.તેને સરકારશ્રીના શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત  ઓપરેશન સુધીની સારવાર અપાવવામાં સફળતા મેળવી છે. (ભગવાનજી કટેશીયા - જી. જામનગર)

## (3) પ્રશ્ન: જો આપની એસ.એમ.સી. દ્વારા શાળામાં આર્થિક રીતે નબળા બાળકો પોતાનો અભ્યાસ પૂરો કરી શકે તે માટે કોઈ પ્રવુતિ કરી હોય તો  તેની ટૂંકમાં માહિતી જણાવો.

**તારણ:** એસ.એમ.સી. સભ્યો આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યનું  નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "આર્થિક સહાય ગ્રુપ" અંતર્ગત એસ.એમ.સી.સભ્યો દ્વારા શાળાના આર્થિક રીતે નબળા બાળકો અભ્યાસની જવાબદારી સ્વીકારવામાં આવે છે. (ભગવાનજી કટેશિયા - જામનગર - 9925891560)

૨) "દત્તકબાળક" યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા બાળકોની જવાબદારી શિક્ષકો અથવા ગામલોકો દ્વારા સ્વીકારવામાં આવે છે. (નંદલાલભાઈ પટેલ - ગાંધીનગર - 9228130375)

૩) શાળાના એસ.એમ.સી. સભ્યો દ્વારા આર્થિક રીતે નબળા બાળકો અભ્યાસ માટે દાતાઓની મદદથી બાળકોની  શૈક્ષણિક જવાબદારી સ્વીકારવામાં આવે છે. (સુરેશભાઈ ઠક્કર - પાટણ - 9825504972/ 9428850125, બ્રિજેશભાઈ મહાદેવભાઈ - અમદાવાદ - 9687640784, ધરાવિયા દીપકભાઈ - જુનાગઢ - 9898296367, માલાભાઈ બનાસકાંઠા - 9712313285)

૪) શાળાના એસ.એમ.સી. સભ્યો દ્વારા દુરથી શાળાએ આવતા બાળકો માટે સ્કુલવાનની વ્યવસ્થા કરેલ છે. (વકતાભાઇ હડીયલ - બનાસકાંઠ - 9825277189)

૫) ગામલોકોના સહકારથી શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. (હિતેશભાઈ બારો - બનાસકાંઠા - 9409135751)



# શાળા વાતાવરણ

**(૧) પ્રશ્ન: શાળા નિયમિત રીતે ચાલે છે કે નહી તે બાબતનું ધ્યાન રાખવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ ક્યાં ક્યાં મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ?**

**તારણો**: આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.
૧) સોમવારથી શુક્રવાર દરરોજ આઠ કલાક અને શનિવારે પાંચ કલાક શાળા ચાલુ રહે છે કે નહી.
૨) બધાજ શિક્ષકો શાળામાં નિયમિત આવે છે કે નહી.
૩) ધોરણ ૧ થી ૫માં દરરોજ ચાર કલાક અને ધોરણ ૬ થી ૮માં દરરોજ પાંચ કલાક નિયમિત રીતે વર્ગકાર્ય થાય છે કે નહી.
૪) બાકીના સમયમાં શિક્ષક ભણાવવા અંગેની તૈયારી કરે છે કે નહી.
૫) શાળાના બાંધકામ અને રીપેરીંગ સબંધી બાબતો ધ્યાનમાં લેવી.
૬) શાળામાં બાળકો પ્રત્યે કોઇપણ પ્રકારનો ભેદભાવ ન થાય તે બાબત ધ્યાનમાં લેવી.
૭) શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાનો અસરકારક અમલ થાય છે કે નહી વગેર.

**(૨) પ્રશ્ન: શાળાના શિક્ષકો આ રીતે સરળતાથી બાળક શીખી જાય તે માટે અલગ-અલગ પ્રવુતિઓ કરતા હોય છે. શું આપે શિક્ષકોની આવી કોઈ પ્રવુતિ ધ્યાનમાં લીધી છે? ટૂંકમાં જણાવો.**

**તારણ**: એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી સભ્યોનું નામ પણ આપેલ છે.
૧) શિક્ષક વિધાર્થીઓને સરવાળા - બાદબાકી શીખવા માટે મૃત વસ્તુઓ, મણકા, ચિન્હો અને ચિત્રકળા નો ઉપયોગ કરે છે. (ચિરાગભાઈ ભાવસાર - જી. આણંદ, કમલેશભાઈ મહેરીયા - જી. મહેસાણા)
૨) શિક્ષકે કાવ્ય શીખવવા માટે મેદાનમાં સંગીત અને દાદરામાં સાતવાર, બાર મહિના વગેરે શબ્દો લખેલા છે. (ભગવાનજી કટેશિયા - જી. જામનગર)
૩) શિક્ષક વિધાર્થીને બેંક વિશેના પાઠની સમજ આપવા માટે વિધાર્થીઓને બેંકની મુલાકાતે લઈ ગયા. (હિતેષકુમાર બારોટ - જી. બનાસકાંઠ)
૪) શિક્ષકે સામાજિક વિજ્ઞાન વિષયમાં દેશની આઝાદી માટેની વિવિધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી મેળવે અને તેમના વિશે જાણવામાં રસ ઉત્પન્ન થાય તે માટે ૯૦ જેટલા ક્રાંતિકારીઓના નામ, તેમના ફોટા અને ટૂંકી માહિતી આપતા અલગ અલગ ૯૦ કાર્ડ તૈયાર કરી અને વર્ગખંડમાં લગાવવામાં આવ્યા જેથી વિધાર્થીઓ ફ્રી સમયે, રિશેષમાં તેમજ દરરોજ પ્રાથનામાં આ કાર્ડનું વાંચન કરતા. આ રીતે વિધાર્થીઓ સરળતાથી શીખી ગયા. (મેહુલકુમાર પ્રજાપતિ - જી. મહેસાણા)
૫) વિધાર્થીઓનું અંગ્રેજીમાં શબ્દભંડોળ વધે તે માટે વિધાર્થીઓને રોજ એક સ્પેલિંગ તૈયાર કરવા આપે છે. (હરેશભાઈ અઢિયોલ - જી. પાટણ)

**(૩) પ્રશ્ન: આપે શાળાની ભૌતિક સુવિધાઓમાં સુધારા કરવા માટે કોઈ પ્રવુતિ/મદદ કરેલ હોય તો તેની ટૂંકમાં જાણકારી આપો.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યોનું નામ પણ આપેલ છે.

૧) શાળાના એસ.એમ.સી સભ્યો એ વિધાર્થીઓને હાથ ધોવા માટે શાળામાં સાબુ અને રૂમાલની વ્યવસ્થા કરી છે. ધોરણ એકના વિધાર્થીઓ માટે ગણવેશની વ્યવસ્થા પણ કરેલ છે. (હરદીપસિંહ પરમાર - જી. સુરત)

૨) કડિયા એસ.એમ.સી. સભ્ય દ્વારા માત્ર રોજની દૈનીક મજૂરી કરી ને કામ કરી આપવામાં આવી છે કોઈ નફાનુ ધોરણ લેતા નથી. (મેહુલભાઈ સુથાર - જી. ગાંધીનગર)

૩) શાળાના મેદાન ફરતે તારફેન્સીંગ કરવામાં એસ.એમ.સી સભ્યોએ આર્થિક અને શ્રમિક મદદ કરેલ છે. (ભાવેશભાઈ દરજી - જી. ભાવનગર)

૪) શાળામાં એસ.એમ.સી. સભ્યો દ્વારા પોતાના ટ્રેકટરના ઉપયોગ દ્વારા ગામની નજીકથી માટી લાવી આપી અને મેદાનને સમથળ બનાવવામાં મદદ કરી તેથી શાળામાં એક સુંદર બગીચો તૈયાર થયો. (ગોવિંદભાઈ પટેલ - જી. કચ્છ, જશુભાઈ પટેલ - જી. સાબરકાંઠા)

૫) શાળામાં લાઈબ્રેરી અને વિજ્ઞાનકેન્દ્ર માટે મકાનની જરૂરીયાત હતી. શાળામાં લાઈબ્રેરી માટે ડો. ભરતભાઈ ચૌધરીએ ત્રણ લાખ અને વિજ્ઞાનકેન્દ્ર માટે ડો.રામશી ચૌધરીએ પાંચ લાખ નું દાન આપ્યું હતું. આ બંને સુવિધાનો લાભ શાળાના બાળકોને મળી રહ્યો છે. (લક્ષ્મણભાઈ ચૌધરી - જી. પાટણ)

૬) ગામલોકો અને ગ્રામપંચાયતના સભ્યો દ્વારા શાળા માટે રમત-ગમ્મતનું મેદાન બનાવી આપવામાં આવ્યું. (રસીલાબેન નકુમ - જી. ગીર સોમનાથ)

૭) શાળામાં એસ.એમ.સી. સભ્યો દ્વારા છ લાખનું દાન એકઠું કર્યું.અને શાળા માટે લાઈબ્રેરી, કોમ્પ્યુટર અને પાણીની સગવડ ઉભી કરવામાં આવી. (કુસુમબેન પટેલ - જી. ગાંધીનગર)

**(૪) પ્રશ્ન: આપ શાળામાં શિક્ષકોની નિયમિતતાથી કેટલા સંતુષ્ટ છો?**

**તારણ:** સભ્યો પાસેથી મળેલ મંતવ્યો અનુસાર જાણવા મળે છે કે મોટા ભાગના સભ્યો શિક્ષકોની નિયમિતતાથી સંપૂર્ણ રીતે સંતુષ્ટ નથી.

૧) શાળા વ્યવસ્થાપન સમિતિ ના સભ્યોએ સમયાંતરે શાળાની મુલાકાત લેવી જોઈએ અને શાળામાં થતી પ્રવૃતિથી જાગૃત રહેવું જોઈએ.

૨) શાળાના શિક્ષકો સાથે મીટીંગ કરવી જેથી શિક્ષકોના વિચારો અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોના વિચારોની આપલે થાય અને શાળાના બાળકોને શિક્ષણ અને પ્રવૃતિમય જ્ઞાન વધારવા માટે યોગ્ય રૂપરેખા તૈયાર કરીને તે અનુસાર કાર્ય કરવા શિક્ષકોને પ્રોત્સાહિત કરવા.

3) શાળાના શિક્ષકોને તેમણે કરેલા કાર્યો પર પ્રમાણપત્ર કે યોગ્ય પુરસ્કાર આપીને સન્માનિત કરવા.

**(૫) પ્રશ્ન: આપણી શાળામાં અહી જણાવવામાં આવેલ પૈકી કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે?**

**તારણ** :

૧) ૮૯% શાળાઓમાં બધીજ સુવિધાઓ ઉપલબ્ધ છે. જેવી કે, યોગ્ય વર્ગખંડની સુવિધા, અલગ-અલગ શૌચાલાની સુવિધા, પુસ્તકાલયની સુવિધા, કમ્પ્યુટર લેબની સુવિધા, ભૌતિક સાધનોની સુવિધા, રમત-ગમત ના મેદાનની સુવિધા, ઔષધી બાગની સુવિધા, પીવાના પાણીની સુવિધા વગેરે.

૨) ૧૧% શાળાઓમાં અમુક સુવિધાઓ જ ઉપલબ્ધ છે જેવી કે, યોગ્ય વર્ગખંડની સુવિધા, અલગ-અલગ શૌચાલયની સુવિધા, પીવાના પાણીની સુવિધા, કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય વગેરે.

**(૬) પ્રશ્ન: આપે આપની શાળાને સ્વચ્છ રાખવા માટે કોઈ પગલા લીધેલ હોય તો તે ટૂંકમાં જણાવો.**

**તારણ** : એસ.એમ.સી. સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી.સભ્યનું નામ પણ આપેલ છે.

૧) દર મહીને શાળામાં સ્વચ્છ વર્ગખંડ ની સ્પર્ધા રાખવામાં આવે છે અને આ સ્પર્ધામાં જીતનાર વર્ગખંડને ૨ હેન્ડવોશ કરવાની બોટલ આપવામાં આવે છે અને સ્ટાર નો બિલ્લો યુનિફોર્મ પર લગાવવામાં આવે છે. (શિવાંગીબેન શાસ્ત્રી - દાહોદ)

૨) શાળાના બાગ માંથી વિદ્યાર્થીઓ સુકા પાંદડાનો કચરો વીણીને તેનો એક ખાડામાં કચરારૂપે નાખીને તેમાંથી બનેલ જૈવિક કચરો બનાવ્યા બાદ શાળાના ઇકો ક્લબમાં તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. (હુસેનભાઈ હિંગોરા - અબડાસા, કચ્છ)

૩) શાળાની આજુબાજુ અમુક લોકો ઉકરડા કરતા હતા અને શાળાનું પરિસર ગંદુ કરતા હતા તે રોકવા માટે એસ.એમ.સી. સભ્યો અને ગામના સરપંચ દ્વારા જુંબેશ ચલાવવામાં આવી અને આવા લોકોને સમજાવ્યા અને બધાને શાળા પ્રત્યેની જવાબદારી સમજાવી.આમ શાળાના પરિસર પાસે કચરો નાખતા લોકો બંધ થયા. (ઉત્પાલકુમાર કુલકર્ણી - પાલનપુર)

૪) એક શાળામાં જે વર્ગખંડમાં કચરાપેટી મુક્યા વિદ્યાર્થીને વધુ સ્વચ્છતા માટે જાગૃત કરવા માટે એક શિક્ષકે યુક્તિ કરી કે જે વર્ગખંડની બહાર સૌથી ઓછો કચરો હોય તેવા વર્ગખંડના વિદ્યાર્થીઓની પ્રાર્થનાખંડ માં બધાની વચ્ચે ત્રણ તાલીથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. (મેહુલકુમાર પ્રજાપતિ - વિજપુર, મેહસાણા)

૫) શાળામાં કચરાસમિતિ બનાવી છે આ સમિતિ શાળાના મેદાનમાં કચરો નાખતા વિધાર્થીને પકડે છે અને તેને શાળાના આચાર્ય પાસે રજુ કરે છે આચાર્ય આવા બાળકોને પ્રાર્થનાખંડમાં બોલાવીને તેને કરેલું કામ બધા વચ્ચે કહે છે જેથી કચરો નાખેલ બાળક તેનાથી શરમ અનુભવીને આગળ ના સમયમાં કચરો નાખતા અચકાય છે. (અકબરભાઈ સુલેમાનભાઈ - આણંદ)

**(૭) પ્રશ્ન: શું આપ પણ એક એસ.એમ.સી.સભ્ય તરીકે શાળાના શિક્ષકો દ્વારા જે નવીન પ્રવુતિ કરવામાં આવે છે તેની જાણકારી રાખો છો?શિક્ષક દ્વારા કરવામાં આવતા નવીન પ્રવુતિમાં આપ કઈ રીતે મદદ કરો છો ટૂંકમાં જણાવો.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યનું નામ પણ આપેલ છે.

૧) એક શાળામાં શિક્ષકોની ઘટ નો પ્રશ્ન હતો ત્યારે ગ્રામજનોના સહકારથી ગામના શિક્ષિત યુવકની વ્યવસ્થા કરાવી અને બાળકોનું શિક્ષણ કાર્ય ચાલું કરવામાં આવ્યું .આમ એસ.એમ.સી.સભ્યએ શાળામાં શિક્ષકની અછતના લીધે બાળકોના અભ્યાસમાં કોઈ રૂકાવટના આવે તે માટેનું પગલું ભર્યું. (સુરેશભાઈ નાગલા - અમરેલી, રસિકભાઈ પટેલ - અમદાવાદ)

૨) એક શાળામાં શિક્ષક દ્વારા કરતા નવા નવતર પ્રયોગને હોશભેર આવકારવા માટે એસ.એમ.સી. સભ્ય તથા ગામના લોકો ભેગા થઇને શાળાના શિક્ષકને જોયતું હોય એટલું ભંડોળ તેના નવતર પ્રયોગ માટે આપવામાં આવે છે જેથી તેમનું કાર્ય સરળતાથી કોઈ આર્થિક સમસ્યા વગર પૂરું થાય. (રસીલાબેન નકુમ - ગીરસોમનાથ, મહેમદઆરીફ પટેલ - અરવલ્લી)

૩) એક શાળામાં બાળકોને અંગ્રેજી વિષયમાં હોશિયાર બનાવવા માટે એક શિક્ષકે વર્ગખંડમાંથી જે બાળક અંગ્રેજી વિષયમાં રસ દાખવતો હોય તેવા ૪-૫ બાળક પસંદ કર્યા તેઓને શિક્ષક દ્વારા અંગ્રેજી શીખવવામાં આવ્યું.તે બાળકો દ્વારા બીજા બાળકોને શીખવવમાં આવ્યું.આ રીતે અંગ્રેજી ક્લબ બન્યું. (નરેનભાઇ વ્યાસ - અમદાવાદ)

૪) એક શાળામાં શિક્ષકે બાળકોના વાલીઓને ગામમાં એરિયા પ્રમાણે જૂથ પાડ્યા. આ જુથમાં ૬ થી વધુ વાલીઓ હતા આ વાલીઓ એરિયામાં રહેતા બાળકોની નિયમિત શાળામાં હાજરી જાણવા માટે ઓચિંતાની શાળામાં મુલાકાત કરતા અને જે બાળક ના આવ્યું હોય તે બાળકની તેના વાલીને જાણ કરીને શાળામાં મુકવામાં આવતા. તથા શાળાના બાળકને એસ.એમ.સી.સભ્યના ઘરે ૧ કલાક બોલાવીને તેમને ગૃહકાર્ય કરાવે છે. (દુષ્યંતભાઈ મેહતા - ગીરસોમનાથ)

**(૮) પ્રશ્ન: જો આપે શાળાનું વાતાવરણ શિસ્તમય અને આનંદમય બની રેહ તે માટે કોઈ પ્રવુતિ કરી હોય તો ટૂંકમાં જણાવો.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યો આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) “પર્યાવરણ રક્ષક” અને “પર્યાવરણ મિત્ર” કાર્યક્રમ અંતર્ગત શાળાના બગીચાની સારસંભાળ અને બાળકો પાસે વધેલું પાણી છોડવાઓને આપવામાં આવે છે. (નંદલાલભાઈ પટેલ - ગાંધીનગર - 9228130375)

૨) શાળામાં બાળકોની બાળસંસદ (પંચાયત) બનાવવામાં આવી છે તેમાં શાળા સફાઈ મંત્રી, આરોગ્ય મંત્રી, મધ્યાહન ભોજન મંત્રી, શિક્ષણ મંત્રી વગેરેને કામની વહેચણી કરવામાં આવી છે જેમાં મહીના

દરમિયાન સુધી પોતપોતાના કામ સંભાળે અને છેલ્લે એક મિટીંગ ભરવામાં આવે કામની સમીક્ષા થાય આવી રીતે બાળકોમાં લીડરશીપનો વિકાસ થાય અને શાળાનું વાતાવરણ શિસ્તમય અને આનંદમય બને છે. (વકતાભાઇ હડીયલ - બનાસકાંઠા - 9825277189, દીપકભાઈ ધરાવિયા - જામનગર - 9888296367, ચંદુભાઈ સોરઠીયા - રાજકોટ - 9998019150, દીપકભાઈ વેકરીયા - રાજકોટ - 9228165407, ભરતકુમાર પટેલ - મહેસાણા - 9427866988, બાબુભાઈ મોર - કચ્છ - 9925640338, જયદીપસિંહ ગોહિલ - આંણદ - 9925623600, મેહુલકુમાર પ્રજાપતિ - મહેસાણા - 9428224326)

૩) ગ્રામપંચાયતનો વહીવટ બાળકોને સમજાવવા માટે ગામના સરપંચ અને ગ્રામપંચાયતના સભ્યોને શાળામાં બાળકો સાથે ચર્ચા કરવા માટે બોલાવવામાં આવ્યા. (અત્તામોહંમદ પરાસરા - મોરબી - 997469353)

૪) શાળાના બાળકોને ચુંટણી પ્રકિયા સમજાવવા માટે સફાઈમંત્રીની ચુંટણી શાળામાં યોજવામાં આવી. ચૂંટણીમાં બાળકો દ્વારા સભ્ય તરીકે નામાંકન, ચુંટણી પ્રચાર - પ્રસાર, મતદાન અને મતગણતરના રૂપે સંપૂર્ણ ચુંટણી પ્રકિયા દ્વારા સફાઈમંત્રી ચૂંટવામાં આવ્યા. (શિલ્પાબેન પ્રજાપતિ - અમદાવાદ - 9737652154)

## (૯) પ્રશ્ન: જો આપે શાળાનું વાતાવરણ શિસ્તમય અને આનંદમય બની રેહ તે માટે કોઈ પ્રવુતિ કરી હોય તો ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "વિકાસ પેટી" અંતર્ગત બાળકોને શાળામાં કઈ વસ્તુની જરૂરિયાત છે અને તે વસ્તુ કઈ રીતે મેળવી શકાય. બીજું શાળામાં કઈ સમસ્યા છે અને તેને કઈ રીતે દુર કરી શકાય તેની વિગત લખી ચીઠી વિકાસ પેટીમાં નાખવામાં આવે છે. નક્કી કરેલા સમયે વિકાસ પેટી ખોલી બાળકોની સમસ્યાનું સમાધાન અને જરૂરિયાતનો વિચાર કરવામાં આવે છે. (પ્રવિણભાઈ વણકર - અમદાવાદ - 9925483938)

૨) "વિષય મંડળ" અંતર્ગત શાળામાં દરેક વિષયના મંડળ બનાવવામાં આવ્યા છે.તેમાં શાળાના દરેક બાળકે કરેલ વિષય અનુસાર પ્રવુતિ વિષય મંડળમાં ફોટા સાથે મુકવામાં આવે છે. (જીતેન્દ્રભાઈ વાજા - ભાવનગર - 9909398636)

૩) "દત્તક વૃક્ષ" અંતર્ગત શાળાના બાળકોના ગ્રુપમાં વૃક્ષની સારસંભાળની જવાબદારી સોપવામાં આવે છે. (તેજસભાઈ મહેતા - ગીર સોમનાથ - 9429321524, કેતનકુમાર જોશી - વડોદરા - 9909533950)

૪) "વિચાર વૃક્ષ" કાર્યક્રમ અંતર્ગત શાળામાં બાળક અભિવ્યક્ત થાય એ હેતુથી બાળકના જીવનના કોઇપણ સારા નરસા અનુભવ થોડા શબ્દોમાં લખીને વિચાર વૃક્ષ પર લગાડે છે. (જયદેવસિંહ ડોડિયા - બોટાદ - 9879796545)

૫) "મારી શાળા સુંદર શાળા" પ્રોજેક્ટ અંતર્ગત બાળકો પોતાના બુટ-ચંપલ વર્ગની બહાર વ્યવસ્થિત મુકે અને શાળાનું વાતાવરણ શિસ્તમય અને આનંદમય બની રહે તે માટે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. (અરવિંદભાઈ ભેડા - પોરબંદર - 9725625147)

૬) શાળાના દરેક વર્ગમાં ફરિયાદ પેટી (ફરિયાદ સમિતિ) મુકવામાં આવી છે. દર શનિવારે બાળકોએ કરેલ ફરિયાદ ઉકેલવામાં આવે છે. (હિમાંશુભાઈ પોરિયા - પોરબંદર - 9909954454, ખ્યાતિબેન રાવળ - ગાંધીનગર - 9904480702)

૭) શાળાના મેદાનમાં નાના બાળકોને લઇ જઈ બાળકોની સંખ્યા પ્રમાણેના ગ્રુપ બનાવી ત્યારબાદ ગ્રુપમાં રહેલા દરેક બાળકોને મેદાનમાં પડેલા નાના પત્થર કે કાંકરા વીણી લાવાનું કહેવું.મેદાનમાં જ મોટા અક્ષરે અંકો કે મૂળાક્ષરો લખી આપવા.દરેક બાળકોના ગ્રુપ લખેલા એક એક મૂળાંક્ષરો કે અંકો પાસે બેસી જશે ને પોતે વીણેલા કાંકરા કે પથ્થરો તેના પર ગોઠવશે. આ રીતે બાળકો ગ્રુપમાં અને શિસ્તમય રીતે કામ કરતાં શીખે છે. (નિધિબેન સુતરીય - અમરેલી - 9825542629)

૮) શાળામાં  ફુટબોલની રમતની જેમ બાળક જયારે ભુલ કરે ત્યારે યેલ્લો કે રેડ કાર્ડ આપી તેના આધારે તેને હકારાત્મક સજા કરવામાં આવે. (વિક્રમભાઈ ગઢવી - પોરબંદર - 9723867000)

## (૧૦) પ્રશ્ન: એક એસ.એમ.સી. સભ્ય તરીકે આપે આપના શિક્ષકોને શાળામાં નવતર પ્રવૃતિઓ કરવા માટે કઈ રીતે પ્રોત્સાહિત કર્યા છે? ટૂંકમાં જણાવો.

**તારણ:** એસ.એમ.સી. સભ્યો શાળામાં શિક્ષકોને નવતર પ્રવૃતિઓ કરવા નીચે પ્રમાણેની પદ્ધતિઓ દ્વારા પ્રોત્સાહિત કરે છે:

૧) બીજી શાળામાં થતી પ્રવૃતિઓ વિષે જણાવી વિદ્યાર્થીઓ પર કેવો પ્રતિભાવ પડશે તે વિષે જણાવી તે પ્રવૃતિઓ પોતાની શાળામાં થાય તે માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

૨) સભ્યો દ્વારા નવીન પ્રવૃતિઓ કરતા શિક્ષકોને ૧૫ ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરી, ગ્રામ સભા જેવા પ્રસંગોમાં ગામ લોકો  સમક્ષ શિક્ષકે કરેલ નવીન પ્રવૃતિઓની માહિતી આપીને તેમણે બિરદાવવામાં આવે છે.

૩) વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રવૃતિઓના પ્રદર્શન માટે બુલેટીન બોર્ડ લગાવવામાં શિક્ષકોની મદદ કરવામાં આવી. આ ઉપરાંત વાલી જાગૃતિ માટે શેરી બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું.

૪) સભ્યો દ્વારા શિક્ષકોને નવીન પ્રવૃતિઓ કરવા માટે સાધન સામગ્રી પૂરી પાડવામાં અવે છે અને તે માટેની નાણાકીય જોગવાઈ ગ્રામ ફાળામાંથી થાય છે.

૫) શિક્ષકો રવિવારે મીટીંગ કરે છે અને પ્રવૃતિઓ માટે જરૂરી સાધન સામગ્રીની ચર્ચા કરવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓની માહિતી એસ.એમ.એસ. દ્વારા મેળવે છે અને તે માટે સભ્યોની મદદ લેવામાં આવે છે.

૬) એક સી.આર.સી. કો.ઓર્ડીનેટરે ક્લસ્ટરમાં સમાવિષ્ટ આઠ શાળાઓના એસ.એમ.સી. સભ્યોને શાળાઓમાં જઇને શિક્ષકોને કઇ રીતે પ્રોત્સાહિત કરવા એની જાત માહિતી આપેલ છે. આ ઉપરાંત

આઠમાંથી ત્રણ એસ.એમ.સી. સભ્યોની મદદથી શાળાઓના દરેક વર્ગખંડમાં ટી.વી. સેટ ઉપલબ્ધ કરાવ્યા છે. આના કારણે બાયોસેગનું પ્રસારણ દરેક વર્ગમાં અલાયદું જોવા મળી શકે.

૭) શિક્ષકોની જરૂરિયાત જાણીને સમજી પંચાયત તથા આગેવાનોને સમજાવી શિક્ષકોને સહકાર આપવા એસ.એમ.સી. સભ્યોએ તૈયાર કર્યા. તેમની પાસેથી જરૂરી મદદ પણ લેવામાં આવી.

૮) શિક્ષકે એસ.એમ.સી. સભ્યોનો સહકાર લઈ ને શૈક્ષણિક કાર્ય ને વધુ અસરકારક બનાવવા પ્રોજેક્ટર ની મદદથી શૈક્ષણિક કાર્ય કરાવવાનું સુચન કર્યુ અને શરૂઆત પણ શિક્ષકે રૂ.૨૫૦૦ તે શાળામા પ્રોજેક્ટર લાવવા માટે આપ્યા પછી તો એસ.એમ.સી સભ્યો અને ગ્રામજનોની મદદથી રૂ.૩૫૦૦૦ હજાર જેટલી રકમ શિક્ષકે એકત્રિત કરી અને શાળામાં મલ્ટીમિડિયા વર્ગખંડ તૈયાર કર્યો જેનો લાભ બાળકો શૈક્ષણિક કાર્યમાં  મળે છે.



# શાળા વિકાસ આયોજન

**(૧) પ્રશ્ન: શાળાના વિકાસ માટે ગ્રામપંચાયત દ્વારા આપની શાળામાં કઈ કઈ સગવડો પૂરી પાડવામાં આવેલ છે?**

**તારણ:** એસ.એમ.સી. સભ્યોના મતાનુસાર શાળાઓમાં ગ્રામપંચાયત દ્વારા નીચેની ટકાવારી મુજબ સગવડો પૂરી પાડવામાં આવેલ છે.

૧) ૩૫% શાળાઓમાં પાણીની વ્યવસ્થા.

૨) ૨૧% શાળાઓમાં વીજળીની વ્યવસ્થા.

૩) ૨૩% શાળાઓમાં મેદાનની વ્યવસ્થા.

૪) ૨૧% શાળાઓમાં અન્ય જરૂરી સગવડો.

૫) શાળા વિકાસ માટે ગ્રામપંચાયતે શાળામાં પાણીની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા,શાળા મેદાનની સગવડ તેમજ અન્ય જરૂરી સગવડો પૂરી પડવી જોઈએ.

૬) શાળા વ્યવસ્થાપન સભ્યોના જવાબ અનુસાર જાણવા મળ્યું કે ગ્રામપંચાયત દ્વારા ફાળવવામાં આવતી સગવડોનો અમુક શાળાઓમાં થોડી અને અમુક શાળાઓમાં નહિવત પ્રમાણમાં અમલ કરવામાં આવ્યો છે.

૭) એસ.એમ.સી. સભ્યોને હક છે કે શાળામાં ઘટતી સગવડો પૂરી પાડવીએ ગ્રામપંચાયતની જવાબદારી છે અને તે સંપૂર્ણ રીતે અપીલ કરીને શાળાની સગવડો

**(૨) પ્રશ્ન: શાળા વિકાસ માટે શિક્ષકોએ નીચેનામાંથી કઈ પ્રવૃતિઓ કરેલ છે?**

**તારણ:** શાળા વિકાસ માટે એસ.એમ.સી. સભ્યોના મંતવ્યો મુજબ શિક્ષકોએ નીચે પ્રમાણે પ્રવૃતિઓ કરેલ છે.

૧) ૮૮%મંતવ્યો મુજબ શિક્ષકો દરરોજ શાળામાં નિયમિત હાજરી આપે છે.

૨) ૮૯% સભ્યોના કહેવા અનુસાર શાળામાં શિક્ષકો બાળકોને પ્રોત્સાહિત કરે છે.

૩) ૭૫% મંતવ્ય પ્રમાણે શાળામાં શિક્ષકો બાળકોને માનસિક અને શારીરિક સજાગતા નથી.

૪) ૮૫% મંતવ્ય મુજબ શિક્ષકો બાળકોને ગુણવત્તાલક્ષી અને પ્રવૃતિમય શિક્ષણ પૂરું પાડે છે.

૫) ૭૯% મંતવ્યો અનુસાર શાળામાં મધ્યાહન ભોજનની વ્યવસ્થા અને તેની ગુણવત્તાની દેખરેખ રાખે છે.

૬) શિક્ષકો બાળકોને શૈક્ષણિક સાધનોની જાણકારી અને ઉપયોગિતાની સમજ કેળવે તેવો ૭૭% સભ્યોનો મત છે.

૭) ૮૪% મતાનુસાર શિક્ષકો બાળકો સાથેનો વર્તન વ્યવહાર યોગ્ય રાખે છે.

**(૩) પ્રશ્ન: આપ સર્વ શિક્ષા અભિયાન દ્વારા આપવામાં આવતી કઈ કઈ ગ્રાન્ટ થી વાકેફ છો અને તેનો ઉપયોગ કઈ રીતે કરો છો?**

**તારણ**: શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે:

૧) એસ.એમ.સી. સભ્યો ના ઉત્તર અનુસાર તેઓ નીચે મુજબ ની ગ્રાન્ટ નોવધુ પ્રમાણ માં ઉપયોગ કરે છે તથા તેના અમલીકરણ માટે તેઓ સભ્યોની મિટિંગ માં ઠરાવ પસાર કરે છે:

એસ.એમ.સી. તાલીમ માટેની ગ્રાન્ટ, પુસ્તક માટે લાઈબ્રેરી ગ્રાન્ટ, શાળા ગ્રાન્ટ - શાળામાં ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક સાધન સામગ્રી ઉભી કરવા માટે, શાળા રીપેરીંગ ગ્રાન્ટ - શાળા માં ફર્નીચર અથવા બાંધકામ માં મરમ્મત કરાવવા માટે, બાળમેળા ગ્રાન્ટ, પ્રજ્ઞા અભિગમ અંતર્ગત સપ્તરંગી અને અન્ય પ્રવૃત્તિઓ માટે ગ્રાન્ટ, વાલી મિટિંગ ગ્રાન્ટ, સ્વચ્છતા ગ્રાન્ટ, ગણિત વિજ્ઞાન માટેની ગ્રાન્ટ.

૨) આ ઉપરાંત, એસ.એમ.સી. સભ્યોને નીચે મુજબ ની ગ્રાન્ટની જાણકારી ઓછી અથવા નહીવત હોવાનું જણાય છે:

રમત માટેની ગ્રાન્ટ, ઈકો ક્લબ ગ્રાન્ટ, ટ્રાન્સપોર્ટેશન ગ્રાન્ટ, એસ્કોર્ટ એલાઉન્સ - વિશિષ્ટ જરૂરિયાત વાળા બાળકોને શૈક્ષણિક કાર્ય માટે પ્રોત્સાહિત કરવા માટેની ગ્રાન્ટ, ટી.એલ.ઈ ગ્રાન્ટ (ટીચિંગ લર્નિંગ ઈક્વિપમેન્ટ) - બાળકો ને જરૂરી અધ્યયન સામગ્રી પૂરી પાડવા માટે, પ્રવેશોત્સવ ગ્રાન્ટ, મેડિકલ ગ્રાન્ટ, સેનિટેશન ગ્રાન્ટ, એસ.ટી.પી. પ્રવૃત્તિ - જેના અંતર્ગત બાળકોને સ્પેશીયલ ટ્રેનીંગ આપવામાં આવે જેથી સામાન્ય શાળા માં મેઈન સ્ટ્રીમ થાય, સીઝનલ હોસ્ટેલ ગ્રાન્ટ - જેમાં ભોજન, હેલ્થકીટ, રૂમરેંટ નો સમાવેશ થાય છે.

### (૪) પ્રશ્ન: DISE ફોર્મમાં આપ કઈ વિગત જણાવો છો?

**તારણ** : જવાબ આપેલ સભ્યોમાંથી ૯૬% સભ્યોને DISE ફોર્મમાં ભરવામાં આવતી વિગતો અંગે જાણકારી છે.

શાળા દ્વારા નીચે મુજબ ની માહિતી DISE ફોર્મમાં જણાવવામાં આવે છે:

૧) વિદ્યાર્થીનું નામ, માતા પિતાનું નામ, જન્મ તારીખ, પ્રવેશ તારીખ, યુનીફોર્મની માહિતી, તેમના સરનામાની માહિતી, હોસ્ટેલ સુવિધાની માહિતી, ગત વર્ષના ગ્રેડ વિષે, માતા પિતાના બી.પી.એલ. કાર્ડ વિષે, ગત વર્ષની હાજરીની માહિતી, વિદ્યાર્થીઓના ધર્મ/જાતી વિષે, વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરની માહિતી

૨) શિક્ષકોની માહિતી, બાળકોના વિકાસ અંગેની માહિતી.

૩) શાળાની ભૌતિક સુવિધા અંગે - શાળામાં ખૂટતી સુવિધાઓ, કુલ વર્ગ અને નુકસાન પામેલ વર્ગની સંખ્યાની વિગત.

૪) વર્ગમાં ઉમર પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા, વિધાર્થીઓની કુમાર-કન્યા સાથેની વિગતો, શાળામાં કુમાર-કન્યા અંગેના અલાયદા ટોયલેટની વિગત, વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ સહાય અંગેની માહિતી, વિકલાંગ બાળકોની, તેમને મળતા લાભોની અને તેમના માટેના રેમ્પની વિગતો, બાળકોનું દર વર્ષે મેડીકલ ચેક અપ થાય છે કે નહિ તેની વિગત, સ્પેશિયલ બાળકના શિક્ષણ વિષેની માહિતી.

૫) ગામની માહિતી, શાળાની સિદ્ધી વિષે, ડેડસ્ટોક વિષે, પાણીની સુવિધા વિષે, કોમ્પ્યુટર લેબ વિષે, વીજળીની સુવિધા, કમ્પાઉન્ડ વોલ, રમતના મેદાનની માહિતી.

૬) અભ્યાસક્રમની માહિતી, વિજ્ઞાન મેળા, બાળ મેળા વિષે, પ્રવાસ આયોજન વિષે, ગુણોત્સવ વિષે, તિથી ભોજન વિષે, મધ્યાહ્ન ભોજન વિષે, શાળાની રજીસ્ટ્રી સંખ્યા વિષેની માહિતી.
૭) શિક્ષાની પદ્ધતિ અને વર્ગ ખંડમાં તાલીમના ઉપયોગ અંગેની માહિતી.
૮) શાળા વિકાસમાં એસ.એમ.સી. ની ભાગીદારી અંગે તેમજ શાળામાં મળતી ગ્રાન્ટ અને તેના ઉપયોગની માહિતી.
૯) લાઈબ્રેરી વિષે, પુસ્તક ની સંખ્યાની માહિતી, શાળાના બેંક ખાતાની વિગતોની માહિતી.

**(૫) પ્રશ્ન: આપ ક્યા પ્રકારના સરકારી ઠરાવ/પરિપત્ર ની જાણકારી રાખો છો અને શાળામાં તેનો અમલ કરવા માટે આપ ક્યા પગલા લ્યો છો?**

**તારણ:** એસ.એમ.સી. સભ્યો નીચે મુજબના ઠરાવ/પરિપત્રો ની નોંધ રાખે છે.
૧) શાળા અને વિદ્યાર્થીઓ માટે આવતી આવતી ગ્રાન્ટ વપરાશના પરિપત્રો અને ઠરાવ, એસ.એમ.સી. સભ્યોના કાર્યો તેમજ તેમની ભૂમિકાના અને તાલીમના ઠરાવો, શિક્ષકોના સમય બાબતના, તેમની તાલીમ અને શાળાકીય શૈક્ષણિક આયોજનની માહિતી, બદલીને લગતા ઠરાવો, ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાના ઠરાવો, કન્યા શિક્ષણ, વાલી સંમેલન, સહ અભ્યાસિક પ્રવૃતિઓ, વિકલાંગ બાળકોનું શિક્ષણ, બાળકોને મળતા સરકારી લાભ, મધ્યાહ્ન ભોજન, સેનિટેશનનો ઉપયોગ, એસ.સી.ઈ., રમતોત્સવ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અંગે પરિપત્ર ની નોંધ રખાય છે.
આ ઠરાવ/ પરિપત્રોને શાળામાં અમલ કરાવવા એસ.એમ.સી. દ્વારા નીચે મુજબ ના પગલા લેવામાં આવે છે:
૧) એસ.એમ.સી. ની બેઠકમાં એજન્ડા મુજબના ઠરાવની જાણકારી રાખવામાં આવે છે અને જો તેમાં કચાશ રહે તો સરકારી કચેરીમાં જાણ કરી પગલા લેવામાં આવે છે.
૨) દરેક પરિપત્રને અનુલક્ષીને પ્રોગ્રામ કરવાનો હોય તેમાં બાળકો અને ગામ લોકો નો સહકાર લેવામાં આવે છે.
૩) દરેક પરિપત્રની જાણકારી નોટીસ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.
૪) પરિપત્ર મુજબ અમલ કરી સમીક્ષા કરવામાં આવે છે અને ફીડ બેક લઇ ફરીથી સમીક્ષા કરી તેનો અમલ કરવામાં આવે છે.
૫) તમામ પરિપત્રોની શાળામાં ફાઇલ નિભાવવામાં આવે છે તથા તમામ પરિપત્રોની સ્ટાફમાં વાચન કરાવી સૌને સમાન પ્રકારે કામની વહેંચણી કરવામાં આવે છે.
૬) સ્કૂલના પ્રિન્સિપલ ને જાણ કરવામાં આવે છે અને તે પરિપત્રનો અમલ થયો કે નહી તે અંગે પૂછવામાં આવે છે અને માર્ગદર્શન પણ આપવામાં આવે છે. તેમજ શિક્ષકોને પણ જાણકારી આપવામાં આવે છે.
૭) ઈ-મેઈલ, વોટ્સ એપ, અને પત્ર દ્વારા સૌને જાણ કરવામાં આવે છે.
૮) એક એસ.એમ.સી. એ બાળકોને દર વર્ષે મળતી શિષ્યવૃત્તિની રકમમાં થતા વધારા માટેના સરકારના પરિપત્રની જાણકારી બાળકો તથા વાલીઓને કરી, આ ઉપરાંત લઘુમતી બાળકોને મળતી

૧૦૦૦ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિની રકમ મળે તે માટે તેમના વાલીઓની મિટિંગ બોલાવી જરૂરી જાણકારી આપવામાં આવી. ત્યાર બાદ તે માટે જરૂરી કાર્યવાહી માટે શાળાના શિક્ષકો અને મુ.શિ. દ્વારા ફોર્મ ભરવાથી માંડીને જરૂરી બેન્કની કામગીરીમાં પણ મદદ કરવામાં આવી હતી.
૯) એકતાનગર પ્રાથમિક શાળામાં દુરના વિસ્તારમાંથી આવતા બાળકોને આવવા માટે મુશ્કેલી દુર કરવા અને આ બાળકોને શાળામાં લાવવા માટે સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત ટ્રાન્સપોર્ટેશન માટેનો પરિપત્ર આવતા આ માટે એસ.એમ.સી. એ જરૂરી ઠરાવ કરી દરખાસ્ત કરતા ધોરણ ૧ થી ૬ના દુરથી આવતા બાળકો માટે વાહનની સુવિધા મળી. પરિણામ એ આવ્યું કે આ બાળકોએ એક પણ દિવસની ગેરહાજરી વગર હાજરી આપી અભ્યાસ કરી શક્યા.

## (૬) પ્રશ્ન: શાળા વિકાસ માટે શિક્ષણ વિભાગે કેવા પ્રયત્નો કરેલ છે.

**તારણ**: શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે:
૧) શાળામાં શિક્ષકો વિષય પ્રમાણે ઓછા છે, કાયદા પ્રમાણે દરેક વિષય શિક્ષક અને તે ઉપરાંત કમ્પ્યુટર, શારીરિક શિક્ષણ, ચિત્ર માટે પણ અલગ શિક્ષકો શાળામાં હોવા જોઈએ.
૨) વિશેષ જરૂરિયાત વાળા બાળકો માટે શાળામાં આવવા માટે ખાસ સુવિધા પણ દરેક શાળામાં પૂરી પાડવામાં આવેલ નથી.
શાળામાં વિષય પ્રમાણે શિક્ષકો હોવા ખૂબજ જરૂરી છે, દરેક શાળામાં જો વિષય પ્રમાણે અને વર્ગખંડ પ્રમાણે પૂરતા શિક્ષકો ના મળી રહે તો શિક્ષણની ગુણવત્તા પર માઠી અસર જોવા મળે છે. જે શાળામાં આ પ્રશ્ન છે તેને હલ કરવા માટે આ પત્ર સાથે એક નવતર પ્રવૃત્તિ લખીને મોકલેલ છે. જે આપ આપની શાળામાં પણ કરી શકો છો અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ઉત્તમ પરિણામો મેળવી શકો છો.
શિક્ષકની તંગી પૂરી કરવા માટે ગામમાંથી સ્વયંસેવકોને તૈયાર કરવા અને જે ધોરણમાં શિક્ષક ઉપલબ્ધ ન હોય તેવા ધોરણોમાં મુકવા.
૧) શિક્ષકોની અછત માટે ગામના આગેવાનોને, ગામલોકોને તથા જો આસપાસમાં કોઈ સ્વયં-સેવી સંસ્થા હોયતો તેના કાર્યકર્તાઓને વાત કરો.
૨) શિક્ષિત હોય તેવા સ્વયંસેવકો તૈયાર કરો અને જે ધોરણોમાં શિક્ષક ઉપલબ્ધ ન હોય તેવા ધોરણોમાં તેમને મુકો.
૩) સ્વયંસેવકોને શિક્ષણની મૂળભૂત સંકલ્પનાઓ અને વિભાનાઓ વિષે થોડી તાલીમ આપો.
૪) સ્વયંસેવકોને શાળામાં ભણાવવાનું ચાલુકરવા માટે માર્ગદર્શન આપો.
૫) વિદ્યાર્થીના પ્રગતિની દેખરેખ રાખો.
સ્થાનિક વિસ્તારમાંથી આ રીતે સ્વયંસેવકો ઓળખીને સમસ્યાના ઉકેલમાં તેમની મદદ લેવાથી ગ્રામજનો અને શાળાના સબંધો સુદ્રઢ બનશે અને સ્વયં સેવકોમાંથી પણ ઘણા શિક્ષણને ભવિષ્યમાં એક વ્યવસાય તરીકે અપનાવવા પણ પ્રેરાશે.
૧) શાળામાં શિક્ષકો વિષય પ્રમાણે ઓછા છે, કાયદા પ્રમાણે દરેક વિષય શિક્ષક અને તે ઉપરાંત કમ્પ્યુટર, શારીરિક શિક્ષણ, ચિત્ર માટે પણ અલગ શિક્ષકો શાળામાં હોવા જોઈએ.

૨) વિશેષ જરૂરિયાત વાળા બાળકો માટે શાળામાં આવવા માટે ખાસ સુવિધા પણ દરેક શાળામાં પૂરી પાડવામાં આવેલ નથી.

શાળામાં વિષય પ્રમાણે શિક્ષકો હોવા ખૂબજ જરૂરી છે, દરેક શાળામાં જો વિષય પ્રમાણે અને વર્ગખંડ પ્રમાણે પૂરતા શિક્ષકો ના મળી રહે તો શિક્ષણની ગુણવત્તા પર માઠી અસર જોવા મળે છે. જે શાળામાં આ પ્રશ્ન છે તેને હલ કરવા માટે આ પત્ર સાથે એક નવતર પ્રવૃત્તિ લખીને મોકલેલ છે. જે આપ આપની શાળામાં પણ કરી શકો છો અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ઉત્તમ પરિણામો મેળવી શકો છો.



# શાળા સમુદાય સબંધો

**(૧) પ્રશ્ન: કન્યા શિક્ષણ સંદર્ભે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની નક્કર ભૂમિકા કેવા પ્રકારની હોવી જોઈએ?**

**તારણ:** આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) એસ.એમ.સી. ના દરેક સભ્ય એ ગામની દરેક ૬ થી ૧૪ વર્ષની કન્યાઓ શાળાએ આવે તે માટે ગામ લોકોમાં જાગૃતતા ફેલાવવી જોઈએ. શાળાના શિક્ષકો પાસે બેસીને કન્યા શિક્ષણ માટે ની યોજના બનાવવી અને માતા પિતા ને કન્યાને શાળાએ મોકલવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શાળામાં કન્યાઓ આવે તે માટે નું વાતાવરણ ઉભું કરવું જોઈએ. કન્યાઓને અલગ અલગ પ્રવૃત્તિઓ માં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

૨) ગામ લોકોને ભાગીદારી થી કન્યા શિક્ષણ પ્રત્યેની જાગૃતિ ફેલાવે તેવા કાર્યક્રમો કરવા જોઈએ.સરકાર દ્વારા કન્યાઓ માટે શાળામાં આપવામાં આવતી સુવિધાઓ વિષે વાલીઓને સમજાવવા જોઈએ. શાળામાં શૌચાલય ની સુવિધા છે કે ની તેનું ધ્યાન રાખવું જોઈએ અને શાળામાં કન્યાઓને મળતી સુવિધાઓ અંગે વાલીઓને જાણકારી આપવી જોઈએ.

૩) દીકરા દીકરી વચ્ચે નો ભેદભાવ દૂર થાય તે હેતુ થી શાળામાં ભણતા બાળકોના વાલીઓને મળીને પ્રેરણા આપવી જોઈએ. કન્યા નિયમિત શાળાએ આવે અને ધોરણ ૮ પછી ઉચ્ચ અભ્યાસ કરે તે માટે ખાસ પગલા લેવા જોઈએ.

**(૨) પ્રશ્ન: આપની SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) બાળકો ના નામાંકન માટે કેવા કાર્યક્રમો હાથ ધરે છે?**

**તારણ:** આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) પ્રવેશોત્સવ.

૨) વાલી મિટિંગ  કરવી.

૩) શેરી નાટક અને રેલી દ્વારા જન જાગૃતિ.

૪) આશા અને આંગણવાડી કાર્યકરો દ્વારા વાલી સંપર્ક કરવો અને શિક્ષણની અગત્યતા સમજાવી બાળકોનું નામાંકન કરવાવું.

૫) ગામમાં સર્વે કરવો.

**(૩) પ્રશ્ન: આપે આપની શાળાના બાળકોના વાલીઓ સાથે સંપર્ક બનાવી રાખવા જો કોઈ પ્રવૃત્તિ કરી હોય તો ટૂંકમાં જણાવો.**

**તારણ:** એસ.એમ.સી. આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. નું નામ પણ આપેલ છે.

૧) શાળાના દરેક બાળકોના માતા પિતાના મોબાઇલ નંબરની એક બૂક બનાવવામાં આવી છે. બાળકની ગેરહાજરી, ગેરવર્તણૂંક, સારી રીતભાત વગેરેની જાણકારી મેસેજ થી અને વોટ્સએપ દ્વારા વાલીને આપવમાં આવે છે. (ઉત્પાલભાઈ કુલકર્ણી - બનાસકાંઠા)

૨) શાળામાં અભ્યાસ કરતા બાળકોની જવાબદારી એસ.એમ.સી. સભ્યોએ ફળિયા પ્રમાણે લીધી છે, જેમાં બાળક શાળામાં ના આવ્યું હોય એટલે શિક્ષક ફોન દ્વારા એસ.એમ.સી. સભ્યને બાળક ગેરહાજર રહ્યું હોય તેની જાણકારી આપે છે ત્યારબાદ એસ.એમ.સી. સભ્ય બાળકના ઘરે જઈને તપાસ કરે છે અને જો બાળક વગર કારણનો ગેરહાજર રહ્યો હોય તો તેને શાળામાં હાજર કરે છે. તથા શાળા તરફથી લેવાતી દર ૧૫ દિવસે ટેસ્ટનું પરિણામ પણ બાળકના વાલીને મોબાઈલ પર એસ.એમ.એસ. દ્વારા જાણકારી આપવામાં આવે છે. (દુલાબેન સુતરીયા - સાબરકાંઠા, વકતાભાઇ હડીયલ - બનાસકાંઠા)

૩) શાળામાં એક સત્ર દરમિયાન ત્રણવાર વાલીમીટીંગ કરવામાં આવે છે જેમાં બાળકનું પ્રગતિ કાર્ડ આપવામાં આવે છે અને બાળકની પ્રગતિ વિષે જાણકારી આપવામાં આવે છે અને તેને પ્રગતિ વધુ સારી કઈ રીતે કરવી તેની ચર્ચાવિચારણા કરવામાં આવે છે. (પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર)

૪) શાળામાં જે વિદ્યાર્થી ૪ દિવસ કરતા વધુ ગેરહાજર રહ્યો હોય તેની જાણ તેના માતા-પિતા ને શિક્ષક લેટર લખીને કરે છે. (નરેશભાઈ સંખેત - તાલાલા ગીર)

## (૪) પ્રશ્ન: આપની શાળાની એસ.એમ.સી. લોકભાગીદારી દ્વારા વિધાર્થીઓને સામાન્યજ્ઞાન પૂરું પાડવા માટે કોઈ પ્રવુતિ કરી હોય તો તેની ટૂંકી વિગત જણાવો.

**તારણ**: એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી સભ્યોનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં એસ.એમ.સી. સભ્યો દ્વારા ન્યુજ પેપર અને જનરલ નોલેજ ના મેગેઝીનનું લવાજમ ભરી આપવામાં આવે છે. તેથી વિધાર્થીઓને દેશ-દુનિયામાં બનતી ધટનાઓ જાણી પોતાના સામાન્યજ્ઞાનમાં વધારો કર્યો. (અલ્પેશભાઈ દલ્સણીયા - જી.જામનગર, ભુપેન્દ્રપ્રસાદ પંચાલ - જી. આણંદ)

૨) ગામના ભણેલા યુવાનો દ્વારા ગામના બાળકોના ઘરે જઈ તેમને સામાન્યજ્ઞાન ની જાણકારી આપી શકે તેવી વ્યવસ્થા એસ.એમ.સી. સભ્યો દ્વારા કરેલ છે. (કમલેશભાઈ લીલા - જી. રાજકોટ)

3) એસ.એમ.સી. સભ્યો દ્વારા શાળામાં અઠવાડિયામાં નક્કી કરેલા દિવસે ગામમાંથી ડોક્ટર, એન્જીયર, તલાટી મંત્રી, શિક્ષણવિદ જેવા શિક્ષણમાં રસ ધરાવતા વ્યક્તિને શાળાની મુલાકાત માટે લઈ આવામાં આવે છે. હાજર વ્યક્તિ તેમના અનુભવ દ્વારા બાળકોમાં સામાન્યજ્ઞાન વધારો કર્યો. (ધનશ્યામસિંહ રાઠોડ - જી. જૂનાગઢ, ભાવેશભાઈ પંચાલ - જી. પાટણ, જીતુભાઈ ચુડાસમા - જી. ભાવનગર)

૪) એસ.એમ.સી. સભ્યો દ્વારા ગામમાં રાત્રે વાંચન વર્ગ શરુ કરવામાં આવ્યા છે. રાત્રે વાંચન વર્ગ દરમિયાન શિક્ષક અને એસ.એમ.સી. સભ્યો બાળકોની મુલાકાત લઈ બાળકોમાં સામાન્યજ્ઞાન વધારો કર્યો. (સુરેશભાઈ ઠકકર - જી. પાટણ)

૫) મના ભણેલા યુવાનો દ્વારા ગામના બાળકોના સામાન્યજ્ઞાનમાં વધારો કરવા માટે સામાન્યજ્ઞાનની ટેસ્ટનું આયોજન કરવામાં આવે તેવી વ્યવસ્થા એસ.એમ.સી. સભ્યો દ્વારા કરેલ છે. (મારડિયા યાસ્મીનબેન - જી. રાજકોટ)

૬) શાળામાં વિધાર્થી દ્વારા જનરલ નોલેજ બેંકની સ્થાપના કરવામાં આવી છે.જેમાં બાળકો નવરાશ ના સમયમાં જનરલ નોલેજની આપ-લે કરે છે અને જરૂર પડે તો શિક્ષક અને એસ.એમ.સી. સભ્યોને પણ આ પ્રકિયામાં સહભાગી કરવામાં આવે છે. (ત્રિલોકભાઈ ગોહિલ - જી. જુનાગઢ)

## (૫) પ્રશ્ન: શું આપની શાળાની એસ.એમ.સી. એ કોઈ વાલી મિટિંગનું આયોજન કર્યું છે? મીટીંગમાં શું ચર્ચા કરવામાં આવી?

**તારણ**: મોટા ભાગની એસ.એમ.સી. એ સત્રની શરૂઆતમાં વાલી મીટીંગ ગોઠવેલ છે જેમાં નીચેના મુદ્દા પર ચર્ચા કરવામાં આવેલ છે.

૧) કન્યાઓની ઘટતી સંખ્યા વધારવા અને વાલીઓને તેમના પુત્ર/પુત્રી પ્રત્યે સજાગ બનાવવા માટે ચર્ચા કરવામાં આવી.

૨) શાળામાં વાલી સંમેલન બોલાવવામાં આવ્યુ જેમાં શાળામાં ભણતા દરેક બાળકની માતાને આમંત્રણ આપવામાં આવ્યુ અને મોટાભાગની માતાઓ હાજર રહી જેમાં સૌથી પ્રથમ બાળકોને તેઓ ઘરકામ અને ખેતીકામ તેમજ મજૂરીકામમાં ન મોકલતા નિયમિત શાળામાં મોકલે જેમાં ખાસ કરીને કન્યાઓને શાળામાં નિયમિત મોકલે.આ ઉપરાંત શાળામાં બાળકોના અભ્યાસ માટે નું શૈક્ષણિક આયોજન તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યું. તદ ઉપરાંત શાળામાં ચાલતી વિવિધ સહાભ્યાસિક પ્રવૃતિ નુ વાર્ષિક આયોજન પણ દર્શાવવામાં આવ્યું આ ઉપરાંત રાજ્ય સરકાર ની કન્યા કેળવણી તેમજ શિક્ષણને લગતી વિવિધ યોજનાઓ ની સમજ પ્રોજેક્ટરની મદદથી મોટા પડદા પર આપી.

૩) મીટીગમા અનિયમિત બાળકોને શાળામા કેવી રીતે નિયમિત કરવા તેની ચર્ચા કરી અને જે બાળકો ભણવામા કાચા હોય તેને માટે ગામ લોકોએ ફાળો એકત્ર કરીને ઉપચારાત્મક શિક્ષણ ની વ્યવસ્થા કરી.

૪) ગામમાં ૫ વર્ષથી વધુ વયજૂથના બાળકોનું નામાંકરણ અને પ્રવેશ કરાવવા માટે એસ.એમ.સી. મીટીંગમાં ચર્ચા કરવામાં આવી.

૫) મીટીંગમાં નક્કી કરવામાં આવ્યું કે એસ.એમ.સી. સભ્યો નવા બાળકોને સ્કૂલમાં દાખલ કરાવી સપ્તાહમાં એક વાર સ્કૂલ વિઝીટ કરે.

૬) મીટીંગમાં લેસન ડાયરી અંગે ચર્ચા કરવામાં આવે છે અને બાળક દરરોજ શાળા એ લેસન અને પ્રોજેક્ટ વર્ક કરી આવે તેના પર ભાર મુકવામાં આવે છે બાળકો પાઠ અન્વયે ટી.એલ.એમ. બનાવે તે સૂચન કરવામાં આવે છે. બાળકો દરરોજ શાળાએ આવે તેનું સૂચન કરવામાં આવે છે

૭) એક શાળાની મીટીંગમાં નીચે મુજબ પ્રક્રિયા થાય છે:

- સૌપ્રથમ મીટીંગમાં શિક્ષકોનો પરિચય આપવામાં આવે છે (લાયકાત, વિષય અને વિશેષતાઓ)
- ત્યારબાદ શાળાનો પરિચય (ભૌતિક સુવિધાઓ વિષે)આપવામાં આવે છે
- શાળામાં થતી શિક્ષણ કાર્ય અને પ્રવૃતિઓ વિષે જણાવાય છે.

- બાળકોના નામાંકન અને કન્યા કેળવણીની ચર્ચા કરવામાં આવે છે
- બાળકોની ખૂબી અને ખામીઓની ચર્ચા કરવામાં આવે છે
- અને અંતે વાલીઓના અને વિદ્યાર્થીઓને મૂંજવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે

**(૬) પ્રશ્ન: એક શાળામાં એસ.એમ.સી. સભ્યો રાત્રે મીટીંગ રાખે છે જેથી ઘરકામ કરતી મહિલા સભ્યો પણ તેમાં સક્રિય રીતે ભાગ લઇ શકે.**
**આપ અથવા સમિતિના અન્ય સદસ્યો આપની સમિતિના મહિલા સભ્યોને મીટીંગ અને નિર્ણય પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લેવડાવવા ક્યા પગલા લ્યો છો?**

**તારણ-** એસ.એમ.સી. સભ્યો દ્વારા મહિલા સભ્યોને સમિતિમાં સક્રિય રાખવા નીચે મુજબના પગલા લેવામાં આવે છે:
૧) શરુઆતમાં એક શાળામાં એસ.એમ.સી. સભ્યોની વધારે પ્રમાણમાં ગેરહાજરી રહેતી તેથી તેમની સ્થાનીક પરીસ્થિતિ મુજબ શનીવારે ૯ વાગે મિટિંગ રાખતા મહિલા સભ્યોની હાજરીમાં સુધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત ઘણી શાળામાં રાત્રી મીટીંગનું આયોજન મહિલા સભ્યો હાજર રહે તે અર્થે કરવામાં આવે છે. અને તે માટે તેઓને અનુકુળ સમયની ચર્ચા પહેલેથી જ કરવામાં આવે છે.
૨) એક શાળામાં રાત્રી મીટીંગ ઉપરાંત રિશેષ દરમિયાન નિરક્ષર મહિલા સભ્યો માટે અન્ય સભ્યો દ્વારા અક્ષરજ્ઞાન અને વર્તમાન સમાચારની વાતો તેમજ શિક્ષણનું મહત્વ, મહત્વના દસ્તાવેજની સાચવણી વગેરે ચર્ચા કરવમાં આવે છે.
૩) એક શાળામાં એસ.એમ.સી. ની સક્રિય ભાગીદારી વધે તે માટે સમય અનુસાર એસ.એમ.સી. મહિલાઓની અને શાળામાં ભણતા વિદ્યાર્થીઓની માતાની મીટીંગ શાળામાં બોલાવવામાં આવે છે કારણકે ગામમાં તમામ ગ્રામજનો ખેતીકામ, મજૂરીકામ, અને પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલ છે જેથી તેમના સમયની અનુકુળતા મુજબ આ મીટીંગ બોલાવવામાં આવે છે. જેમાં તેમને પણ આવી મીટીંગમાં આવવું ગમે તે માટે પ્રોજેક્ટરની મદદથી જે મુદ્દાઓ કે વિષયની ચર્ચા કરવાની હોય તે ને અનુરૂપ ચિત્રો, વિડિયો બતાવવામાં આવે છે. ઘણી વખત ટૂંકી શૈક્ષણિક ફિલ્મ પણ બતાવવામાં આવે છે. આ ઉપરાંત શાળાના વિવિધ કાર્યક્રમો તેમજ બાળકોની શૈક્ષણિક સિદ્ધિઓની માહિતી અને તેના ફોટા ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ કાર્યક્રમો જેવા કે સ્વચ્છતા અભિયાન, આરોગ્યલક્ષી કાર્યક્રમો તેમજ દરેક ઘરે ટોઇલેટ વગેરે યોજનાઓની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત શાળાના વિવિધ શૈક્ષણિક તેમજ વિધાર્થીઓના શૈક્ષણિક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવે છે, અને તેનો યોગ્ય ઉકેલ મેળવવામાં આવે છે.

**(૭) પ્રશ્ન: શાળા વ્યવસ્થાપન સમિતિની રચના અંગે આપના મંતવ્યો જણાવો.**

**તારણ:** શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોને પોતાની કામગીરી વિષે જાણકારી હોવી જોઈએ. સભ્યો કોઈ પણ સમયે કામ કરવા માટે તૈયાર હોવા જોઈએ. જે વ્યક્તિને શિક્ષણ વ્યવસ્થા અંગે જાણકારી હોય

અને જે કામગીરી કરવા માટે સજાગ હોય અને તત્પર હોય તેવા સભ્યોને SMC ના સભ્ય બનાવવા જોઈએ.

**(૮) પ્રશ્ન: શાળા વ્યવસ્થાપન સમિતિની માસિક બેઠકમાં મુદ્દાઓ પર કરવામાં આવેલી ચર્ચા પર પોતાની સમજ કેવી રીતે બનાવો છો?**

**તારણ** : નીચે દર્શાવેલી ટકાવારી મુજબ એસ.એમ.સી સભ્યોની માસિક બેઠકમાં મુદ્દાઓ પર થતી ચર્ચામાં સહમત છે.

૧) ૨૨% માસવાર અને વાર્ષિક યોજનાઓ નક્કી કરવી.
૨) ૧૮% દરેક કાર્યની વહેંચણી માટે સભ્યની ચોક્કસ જવાબદારી નક્કી કરવી.
૩) ૨૦% બેઠકમાં કરવામાં આવેલ ચર્ચા અને નિર્ણયોનું દસ્તાવેજીકરણ કરવું.
૪) ૨૧% કાર્ય પૂર્ણ કરવા માટે જરૂરી સંસાધનો પર ચર્ચા કરવી.
૫) ૧૯% દરેક બેઠકમાં કોઈ વિશેષ મુદ્દાને ધ્યાનમાં લઈને સભ્યોની ક્ષમતા વધારવાના પ્રયત્ન કરવા.

**(૯) પ્રશ્ન: તમારા ગામની શાળા વધારે સારું કાર્ય કરે તે માટે શું કરવાની જરૂર છે? તેની નોંધ કરો.**

**તારણ**: આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) સામુહિક, સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા.
૨) શિક્ષક નું સન્માન,શિક્ષકોને વધારાની કામગીરીમાંથી દૂર કરવા જોઈએ.
૩) કમ્પ્યુટરની સુવિધા વધારવી.
૪) દરેક બાળકને શિષ્યવૃત્તિ આપવી.
૫) જન સમુદાયનું શાળા સાથે જોડાણ કરવું.
૬) SMC દ્વારા સતત મૂલ્યાંકન થવું જોઈએ અને એસ.એમ.સી. ની શાળામાં સક્રિય ભાગીદારી.
૭) ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ કરવો.
૮) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું જરૂરી છે.
૯) ગરીબ બાળકોને વ્યવસાયિક શિક્ષણ પૂરું પાડવું.
૧૦) પ્રવૃત્તિલક્ષી શિક્ષણ પર વધુ ભાર મુકવો.
૧૧) શાળામાં ક્લાર્ક અને પટ્ટાવાળાની ભરતી હોવી જોઈએ.

**(૧૦) પ્રશ્ન: એક ગામની શાળાના શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ શાળાના સ્થાપના દિન નિમિત્તે ગામના લોકોને આમંત્રિત કર્યા અને તે જ દિવસે શાળા વિકાસ માટે ગામ લોકોએ**

**શાળાની પ્રવૃત્તિઓ જોઈ ને રૂ.૪,૦૦,૦૦૦ જેવી મોટી રકમ દાનમાં આપી. શું આપની શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિએ શાળાના વિકાસ માટે આવી કોઈ પ્રવૃત્તિ કરેલ છે? કઈ?**

**તારણ:** સભ્યોએ આપેલ જવાબ પરથી જાણવા મળ્યું કે, 50 શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિએ શાળા વિકાસ માટે પ્રવૃતિઓ કરેલ છે. 8 સમિતિએ આ પ્રકારના કોઈ પ્રયત્ન કરેલ નથી.
સભ્યો દ્વારા શાળાના વિકાસ માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે:
૧) મોટા ભાગની શાળાઓમાં જોવા મળ્યું કે ર૬મી જાન્યુઆરીના કાર્યક્રમનો બધો ખર્ચ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો કરે છે. અને તે દિવસે ગામલોકો તરફ થી અલગ અલગ શાળાઓમાં રૂ.૨૦૦૦૦, રૂ.૧૪૦૦૦૦, રૂ.૧૩૫૦૦૦, રૂ.૫૦૦૦૦૦, રૂ.૩૬૫૦૦૦ અને રૂ.૧૦૦૦૦૦ જેટલી રકમ મળી રહે છે.
૨) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દ્વારા શાળામાં ભોજન નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગામના અને શાળા ના વિકાસની ચર્ચા કરવામાં આવી.
3) બાળકોને પ્રોત્સાહનના ભાગ રૂપેસભ્યો દ્વારા ઇનામ આપવામાં આવે છે.
૪) બાળકોને ગણવેશ આપે છે.
૫) ગામમાંથી શાળાનું મેદાન બનાવવા રૂ.૧૦૦૦૦૦ જેટલો લોકફાળો એકઠો કરવામાં મદદ કરેલ છે.
૬) શાળામાં ગામલોકો અને સમિતી ના સભ્યોના સહકારથી કોમ્પ્યુટર મળેલ છે.
૭) સભ્યોએ શાળામાં રમતનું મેદાન બનાવવા જમીન દાન માંઆપેલ છે
૮) સાંસ્કૃતિક કાર્યક્રમમાં રૂ.૩૦૦૦૦ રૂપિયા જેટલો ફાળો શાળાના વિકાસ માટે એકઠો કરવામાં સભ્યોએ મદદ કરેલ છે.
૯) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો પંચાયતના સભ્ય છે,તેમણે શાળાનું મેદાન, શૌચાલય અને ગેટ બનાવી આપ્યો.
૧૦) એસ.એમ.સી. કમીટીના સહયોગથી ફક્ત રૂ.૩૫૦૦૦ના ખર્ચે પ્રોજેક્ટર અને સાઉન્ડ સિસ્ટમ દ્વારા મલ્ટી મીડીયા વર્ગખંડ તૈયાર કરવામાં આવ્યો છે જેમાં વેપારી વર્ગનો તેમજ ગ્રામજનોનો સારો એવો સહ્કાર મેળવી આ કાર્ય સફળતા પૂર્વક પૂર્ણ કરેલ છે. જેનો લાભ શાળા ના ૧ થી ૮ ના તમામ બાળકો લે છે. આ ઉપરાંત એસ.એમ.સી. નુ આ ઉમદા કાર્ય જોઇ અન્ય શાળાના એસ.એમ.સી. ના સભ્યોએ પણ અંગત રસ લઇ તેમની શાળામાં પણ આ કાર્ય પૂર્ણ કરેલ છે.

**(૧૧) પ્રશ્ન: શાળા વ્યવસ્થાપન સમિતિની મીટીંગ ની કાર્ય પદ્ધત્તિ થી આપને સંતોષ છે કે કેમ? આપે કોઈ બાબત અંગે રચનાત્મક સૂચનો કરેલ છે?**

**તારણ:** શ્રેષ્ઠ જવાબ નીચે પ્રમાણે છે:
૧) ૭૪% SMC સભ્યોને મીટીંગની કાર્ય પદ્ધતિથી સંતોષ છે.
૨) ૨૬% SMC સભ્યોને મીટીંગની કાર્ય પદ્ધતિથી સંતોષ નથી.
એસ.એમ.સી. સભ્યો દ્વારા આપવામાં આવેલ અમુક મહત્વના સૂચનો નીચે પ્રમાણે છે:

૧) શાળા માં બાળકો નિયમિત આવે તે માટે કુટુંબ ના કોઈ યુવાન વ્યક્તિ ને જવાબદારી આપવી.
૨) બાળકોને કમ્પ્યુટરનું જ્ઞાન આપવામાં આવે છે કે નહિ તે માટે સૂચનો કરેલ છે.
૩) મધ્યાહન ભોજન નો પુરતો લાભ મળે છે કે નહિ તે માટે પ્રયત્નો કરવાની જરૂર છે.
૪) વાલી મીટીંગ માં વધુમાં વધુ વાલીઓ ભાગ લે તે માટે પ્રયત્નો કરવા.
૫) પ્રજ્ઞા અભીગમ થી વધુ માં વધુ વાલીઓને પરિચિત થાય એ ખુબ જરૂરી છે.
૬) કન્યા શિક્ષણ પર ભાર મુકવા માટે સુચન કરેલ છે.

## (૧૨) પ્રશ્ન: આપે ક્યાં બાળ અધિકાર વિષે વાલીને જાગૃત કર્યા છે અને તેના શું પરિણામ પ્રાપ્ત થયેલ છે?

**તારણ**: શાળા વ્યવસ્થાપન સમિતિએ નીચેના અધિકાર વિષે વાલીને જાગૃત કર્યા છે અને તેના પરિણામ નીચે મુજબ પ્રાપ્ત થયેલ છે:
૧) વાલી મીટીંગમાં RTE અંતર્ગત બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ વિષેના અધિકાર વિષે સમજાવ્યા.
૨) સમગ્ર વર્ષ દરમ્યાન થયેલ વિવિધ એસ.એમ.સી.બેઠકો,તાલીમો,રેલીઓ,વિવિધ કાર્યક્રમોમાં આ સમગ્ર બાળ અધિકારો વિશે બાળકો તેમજ વાલીઓને જાગૃત કર્યા
૩) ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત શિક્ષણ વિષે માહિતી આપી અને ફરજીયાત શિક્ષણ અમલ કર્યું અને કન્યાઓને મળતી સહાય ની માહિતી આપી.આ પ્રયત્નોથી મળેલ પરિણામ નીચે મુજબ છે:

- પ્રવેશ કરનાર બાળકોની સંખ્યામાં વધારો થયો.
- વિદ્યાર્થીઓની નિયમિતતામાં વધારો થયો અને ડ્રોપ આઉટ દરમાં ઘટાડો જોવા મળ્યો.
- જે બાળકો ખેતી એ જતા હતા તે હવે શાળામાં આવતા થયા છે.
- વિકલાંગ બાળકોમાં અને શાળા બહારના બાળકોમાં શિક્ષણ વિષે જાગૃતતા આવી છે.
- શાળામાં ન આવતા બાળકો આવતા થયા. જે બાળકો શાળા છોડી દેતા હતા તેઓએ અભ્યાસ ચાલુ રાખ્યો. વાલીસંમેલનમાં પણ હાજરી વધી અને તેઓ શાળા વિકાસમાં રસ લેતા થયા.
- શિક્ષણના અધિકાર વિષે સમજાવવાથી ૧૦૦% સ્થાયીકરણ થયું. વાલી પોતાના બાળકોના શિક્ષણ વિષે વધુ ધ્યાન આપે છે અને શિક્ષણનું સ્તર સુધર્યું છે અને કન્યા ૧ થી ૮ સુધી મફત શિક્ષણ મેળવે છે.
- વાલીબાળકો પ્રત્યે વધુ સભાન અને જવાબદાર બન્યા છે અને તેઓ પોતાની શિક્ષણ પ્રત્યેની નૈતિક જવાબદારી સમજતા થયા છે.
- વાલીઓને તાલીમ અને સાહિત્ય આપવાથી તેઓ બાળકોને મજુરી કરાવતા નથી અને શિક્ષણ આપવા શાળાએ મોકલે છે.

૪) સહભાગિતા ના અધિકાર વિષે સમજાવવાથી વિદ્યાર્થીઓએ પ્રવૃતિમાં સહભાગિતા અને સંપ દર્શાવ્યો અને તેમની હાજરીમાં વધારો થયો.

- ક્લસ્ટરની સીમ વિસ્તારના મજૂર વર્ગના બાળકો શાળાએ જતા ન હતા જેથી શિક્ષક તથા સ્થાનિક વાલીઓના પ્રયત્નથી વાલીઓને બાળકોના શિક્ષણના અધિકાર વિષે સમજ આપવામાં આવીજેના પરીણામે ચાલુ વર્ષે તારીખ ૧/૪/૨૦૧૫ થી આવા બાળકો માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરાવવામાં આવી.
- સુરક્ષાના અધિકારમાં બાળકને કોઈ પણ પ્રકારનાં શારીરિક કે માનસિક ત્રાસ આપવાની મનાઇ કરવામાં આવી, જેના પરીણામ સ્વરૂપ બાળકો શાળામાં કોઇ પણ પ્રકારના ભય વગર અભ્યાસ કરે છે અને તેઓમાં પ્રેમ ભાવના નો વિકાસ થયો.

## (૧૩) પ્રશ્ન: શું આપે આપની શાળામાં ગામ ફાળો એકઠો કરી પ્રોજેક્ટર રૂમ બનાવવા જેવી કોઈ પ્રવૃત્તિ કરેલ છે? તેની ટૂંકી વિગત જણાવો.

**તારણ:** શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો નીચે મુજબની શાળા અને વિદ્યાર્થીઓના વિકાસ માટેની પ્રવૃત્તિ કરે છે.

૧) એક શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ રૂ.૯૯૫૦૦ દાન દ્વારા એકઠા કરી સ્માર્ટ ક્લાસ બનાવવામાં આવ્યો જેની જાળવણીનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી પણ દાતાઓ જ નિભાવે છે તથા આ ક્લાસમાં વિદ્યાર્થીઓ એનીમેશનથી બનાવેલ શૈક્ષણિક પ્રોગ્રામ નિયમિત જોવે છે.

૨) શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા મોબાઈલ લેબ બનાવવામાં આવી છે જેના દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રયોગો બતાવવામાં આવે છે અને તેઓ જાતે પ્રયોગ કરે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

૩) શાળામાં ટી.વી. ડી.વી.ડી. ના ઉપયોગથી શૈક્ષણિક સીડી દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું અને પ્રોજેક્ટરના ઉપયોગથી વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશન દેખાડવામાં આવ્યું.

૪) એક એસ.એમ.સી. સમિતિએ ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમમાં ૩ વર્ષ દરમિયાન રૂ.૭૦૦૦૦ એકઠા કરી શાળાની ભૌતિક સુવિધામાં વધારો કર્યો છે.

૫) ગામલોકો પાસેથી ફાળો એકઠો કરી શાળામાં પ્રાર્થનાસભા માટે ઓટલો બનાવવામાં આવ્યો જેના પર દરરોજ પ્રાર્થનાસભા આયોજિત કરવામાં આવે છે.

૬) શાળામાં કમ્પ્યુટર પર સોફ્ટવેર બનાવવામાં આવ્યા જેના પર વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાનના પ્રશ્નો દર શનિવારે પૂછવામાં આવે છે અને તેમના સામાન્ય જ્ઞાન માં વધારો કરવામાં આવે છે.

૭) શાળામાં એલ.ઈ.ડી. પ્રોજેક્ટર રૂમ બનાવવામાં આવ્યો જેના દ્વારા જ શિક્ષકો વિદ્યાર્થીઓને શીખવે છે અને પાઠનું પુનરાવર્તન પણ વિદ્યાર્થીઓ તેના પર જ કરે છે.

૮) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દ્વારા ગામલોકોના સહકારની મદદથી વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમના પહેરવેશ ડ્રેસ આપવામાં આવ્યા અને દાતા દ્વારા મળેલ માઈક સેટનો પણ પ્રાર્થનાસભામાં ઉપયોગ કરવામાં આવે છે.

## (૧૪) પ્રશ્ન: આપની શાળામાં એસ.એમ.સી. મીટીંગ નું આયોજન કઈ પ્રક્રિયા દ્વારા થાય છે? દરેક મિટિંગ અને તેના નિર્ણયોની નોંધ આપ કેવી રીતે રાખો છો?

**તારણ:** મોટા ભાગના એસ.એમ.સી.સભ્યો મિટિંગ માટે મુદ્દા નક્કી કરીને તેનું આયોજન કરે છે. તેમની પદ્ધતિ નીચે મુજબ છે.

૧) સભ્યો દ્વારા પ્રથમ મિટિંગ બોલાવાય છે અને આગળની તમામ મીટીંગની તારીખ તેમાં અગાઉથી નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ સભ્ય સચિવ દ્વારા મીટીંગના ૩-૫ દિવસ પહેલા મીટીંગના મુદ્દા પ્રમાણે એજન્ડા નક્કી કરીને દરેક સભ્યની રૂબરૂ મુલાકાત લઇ વ્યક્તિગત લેખિતમાં અથવા ફોનથી એજન્ડા સહીત જાણ કરવામાં આવે છે અને તેમની પાસેથી જાણ બદલાની સહી લેવામાં આવે છે.

૨) એક સમિતિમાં વોટ્સ એપ દ્વારા અને નોટીસ બોર્ડ પર મુદ્દા લખીને મીટીંગની જાણ કરવામાં આવે છે. ત્યારબાદ મીટીંગમાં એસ.એમ.સીના દરેક સભ્ય પાસે રહેલ બુકમાં તેઓ રીવ્યુ લખે છે અને નોંધ કરે છે. ગામલોકો પણ મીટીંગની ચર્ચા માં ભાગીદારી કરે છે.

૩) દરેક સભ્ય પાસે પોતાની ડાયરી હોય છે તેઓ મીટીંગના મુદ્દા પર પોતાના વિચારો રજુ કરે છે.અને સભ્યસચિવ દ્વારા હાજરી નોંધવામાં આવે છે. જો કોઈ સભ્ય ગેરહાજર રહે તો તેમની પાસેથી કારણ પૂછીને તેમને ચર્ચા નોંધ મોકલવામાં આવે છે.

૪) ત્યારબાદ મીટીંગમાં સર્વસંમતીથી ઠરાવ પસાર કરવામાં આવે છે મીટીંગમાં લેવાયેલ નિર્ણયોની નોંધ મિટિંગ બુકમાં કરવામાં આવે છે. કરેલ ઠરાવની નોંધ ઠરાવ બુકમાં કરવામાં આવે છે.

## (૧૫) પ્રશ્ન: આપ મહિલા એસ.એમ.સી. સભ્યો અને વાલીઓ શાળાકીય પ્રવૃતિઓ અંગે જાગૃત રાખવા કઈ પ્રવૃત્તિ કરો છો?

**તારણ** : એસ.એમ.સી સભ્યો આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યનું નામ પણ આપેલ છે.

૧) મહિલાઓ માટે વિવિધ કાર્યકાર્મો, મહિલાઓના ભણતરનું મહત્વ પર સંવાદ, મહિલા સંમેલન, મહિલા મીટીંગ, નાટક, વાલી સંપર્ક, તિથી ભોજન જેવા અનેક કાર્યકાર્મો દ્વારા જાગૃત કરવામાં આવે છે. (ઉત્પાલકુમાર લાલભાઈ - જી. બનાસકાંઠ, દીપકભાઈ વેકરીયા - જી. રાજકોટ, પ્રકાશકુમાર વણકર - ચંપાલપુર પ્રાથમિક શાળા - જી. સાંબરકાંઠા, જશોદાબેન ચાવડા - જી. ખેડા)

૨) મહિલા એસ.એમ.સી. સભ્યો અને મહિલા વાલીઓની ચિત્રસ્પર્ધા, સંગીતસ્પર્ધા, રમત-ગમ્મત સ્પર્ધા, બાલ અને કિશોર મેળાનું આયોજન કરવામાં આવે છે. (નરેશભાઈ પ્રજાપતિ - જી. પાટણ, ભાવેશકુમાર પંચાલ - જી. પાટણ)

૩) વાલીમેળો, ગણિત-વિજ્ઞાન પ્રદશન, ધાર્મિક તહેવારોની ઉજવણી, લોકડાયરા, શાળાની પ્રવુતિમાં સારું પ્રદશન કરનાર વિધાર્થી તેમના વાલી દ્વારા ઇનામ જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા મહિલાઓને જાગૃત કરવવામાં આવે છે. (સુરેશભાઈ ઠકકર - જી. પાટણ, સોની વર્ષાબેન - જી. બરોડા)

૪) શાળામાં થતી એમ્રોડેરી અને મહેદીસ્પર્ધા જેવા કાર્યક્રમાં મહિલા વાલીઓ અને એસ.એમ.સી. સભ્યોને ફોન કરી શાળામાં આવવા આંમત્રણ આપવામાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા વિધાર્થી અને મહિલા એસ.એમ.સી. સભ્યો અને વાલીઓ જાગૃત કરવામાં આવ્યા. (શિવાંગીબેન શાસ્ત્રી - જી. દાહોદ)

૫) ગુણોત્સવ અને સાંસ્કૃતિક કાર્યકાર્મો મહિલાઓના હસ્તે મહેમાનોનું સ્વાગત કરવું. મહિલામંડળ માટે શાળા સ્તરે સેમિનારનું આયોજન કરવું અને શિક્ષણ ની તમામ પ્રવુતિમાં મહિલાઓને પ્રાધાન્ય આપવું. (કરણસિંહ કેશુભાઈ - નાનીવાવડી પ્રાથમિક શાળા - જી.બોટાદ)

૬) અલગ-અલગ સમયાંતરે અમે એસ.એમ.સી. સદસ્યોના માટે નાના-નાના પ્રવાસોનું આયોજન કરીએ છીએ. વિવિધ ઉત્સવોની ઉજવણી પણ સમયાંતરે શાળામાં કરીએ છીએ.નવરાત્રીના સમયે એકાદ બે વખત ગરબા ગાવાનો કાર્યક્રમ પણ શાળામાં રાખીએ છીએ. જેના થકી મહિલાઓ શાળા વિકાસમાં સારું યોગદાન આપે છે. (અકબરભાઈ સુલેમાનભાઈ મુલતાની - આણંદ જી. આંણદ)

**(૧૬) પ્રશ્ન: એક શાળાના એસ.એમ.સી સભ્યો દ્વારા બીજી શાળાઓ કે જેની એસ.એમ.સી કાર્યરત અને સક્રિય હોય તેની મુલાકાત લેવામાં આવે છે અને પછી પોતાની શાળામાં અન્ય શાળાઓના એસ.એમ.સી. દ્વારા થતી પ્રવુતિ કરવામાં આવે છે. આ પ્રકારની પ્રવુતિથી શાળાની એસ.એમ.સી. ને નવા વિચારો જાણવા મળે છે.જેનું પોતાની શાળામાં પણ અમલીકરણ થાય છે અને સારા પરિણામો મળે છે. આપના દ્વારા પણ આ રીતે અન્ય શાળાની મુલાકાત કરવામાં આવે છે? આ મુલાકાત થકી આપને શું નવું જાણવા મળ્યું? આપની શાળાને તે જાણકારી કઈ રીતે મદદરૂપ થઇ?**

**તારણ**: એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) ૯૨% એસ.એમ.સી સભ્યો દ્વારા અન્ય શાળાની મુલાકાત કરવામાં આવી છે.

૨) બીજી શાળાની મુલાકાત બાદ તે શાળા માંથી પ્રેરણા લઈ શાળામાં ભૌતિક સગવડ વધારવા માટે ગામ લોકો પાસેથી ફાળો એકઠો કરવામાં આવ્યો.

૩) બીજી શાળાની મુલાકાત દરમિયાન તે શાળાને વ્યવસ્થામાં પડતી મુશ્કેલી કેવી રીતે દુર કરે તેનું માર્ગદર્શન મેળવ્યું.

૪) ધોરણ ૬ થી ૮ ના વિધાર્થીઓને લાઈબ્રેરીના ઉપયોગ,મહત્વ અને તેના સંચાલન વિશે માહિતગાર કરવામાં આવ્યા.

૫) જયારે કોઈ વ્યક્તિ વિશેષદિન હોય ત્યારે તેને લગતી કવીઝનું આયોજન શાળામાં કરવામાં આવે છે. તે માહિતી બીજી શાળાની મુલાકાત દરમિયાન જાણવા મળી.

૬) વિધાર્થીમાં સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેનો ડર દુર થાય તે માટે OMR શીટના ઉપયોગ દ્વારા શાળામાં ધોરણ ૬ થી ૮ ના વિધાર્થીઓ માટે સંપૂર્ણ અભ્યાસ આવરી લઈને પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું.

**(૧૭) પ્રશ્ન: શાળા અને બાળકોના વિકાસ માટે SMC ના સભ્યોની ભૂમિકા કયા પ્રકારની હોવી જોઈએ?**

**તારણ**: શાળા અને બાળકોના વિકાસ માટે SMC એ નીચે મુજબના પગલા લેવા જોઈએ:

૧) એસ.એમ.સી. સભ્યો શાળાની કામગીરીમાં ભાગ લેવા માટે સક્રિય હોવા જોઈએ. સમયાંતરે શાળાની મુલાકાત લઇ શાળાની સમસ્યાઓ જાણી તેને દૂર કરવાના પ્રયત્નો કરવા માટે તૈયાર હોવા જોઈએ.
૨) હમેશા સ્કૂલ મીટીંગમાં હાજર રહેવા જોઈએ.
૩) બાળકો શાળાએ નિયમિત આવે તે માટે વાલી સંપર્ક કરવો જોઈએ.
૪) શાળાનું લાંબાગાળાનું અને ટૂંકાગાળાનું આયોજન કરાવવું જોઈએ.
૫) શાળાના વિકાસ માટે લોકફાળો એકઠો કરવો જોઈએ.
૬) શાળાના વિકાસ માટે શિક્ષકોને માર્ગદર્શન આપવું અને સહકાર આપવો જોઈએ.ગામના અન્ય પ્રસંગો,ગ્રામસભા કે મહોત્સવો સમયે શિક્ષણના અધિકારોની ચર્ચા કરવી જોઈએ.
૭) સરકાર તરફ થી આવતા કાર્યક્રમોથી વાકેફ હોવા જોઈએ.

**(૧૮) પ્રશ્ન: ગામની પ્રાથમિક શાળામાં શિક્ષણના અધિકાર મુજબની સુવિધાઓ છે કે નહી તેની ચકાસણી કરવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા કઈ બાબતો ધ્યાન માં લેવામાં આવે છે?**

**તારણ**: નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.
૧) પૂરતા શિક્ષકો
૨) પૂરતા ઓરડા
૩) શિક્ષકદીઠ વર્ગખંડ
૪) છોકરા અને છોકરીઓ માટે અલગ શૌચાલય
૫) પીવાના પાણી ની સુવિધા
૬) શાળા પુસ્તકાલય

**(૧૯) પ્રશ્ન: શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય તરીકે આપણી પસંદગી કઈ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી છે? અને જો આપ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય નથી તો આપણી શાળામાં શાળા વ્યવસ્થાન સમિતિના સભ્યોની પસંદગી કઈ પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે?**

**તારણ**: શાળા વ્યવસ્થાપન સમિતિમાં મોટા ભાગની શાળાઓમાં નીચેની પ્રક્રિયા દ્વારા સભ્યોની પસંદગી કરવામાં આવે છે.
૧) એસ.એમ.સી. ના મોડ્યુલ માં બતાવ્યા મુજબ.
૨) વાલી મીટીંગ દ્વારા.
૩) જાહેર સંમેલન દ્વારા.
૪) સર્વ સંમતિથી.
૫) ગામની પંચાયત દ્વારા.

**(૨૦) પ્રશ્ન: શાળા મિટીંગમાં એસ.એસ.સી.સભ્યો ની હાજરી ઓછી જોવા મળે છે.શાળા મિટિંગમાં એસ.એમ.સી. સભ્યો નિયમિત રીતે હાજર રહે તે માટે શું કરવું જોઈએ.**

**તારણ:** એસ.એમ.સી. સભ્યએ આપેલ સુચનમાંથી શ્રેષ્ઠ સુચન નીચે મુજબ છે. સુચનની સાથે, સુચન આપનાર એસ.એમ.સી. સભ્યનું નામ પણ આપેલ છે.

(૧) ૫૨ એસ.એમ.સી. સભ્ય પૈકી ૨૩ એસ.એમ.સી. સભ્યનું કહેવું છે કે,

- મિટિંગનો અજેંડા પહેલેથી નક્કી હોવો જોઈએ અને તેની જાણ એસ.એમ.સી. સભ્યને પણ સરળ ભાષામાં સમજી શકે તેવી રીતે કરવી જોઈએ.
- એસ.એમ.સી.સભ્ય પૈકી ૮૦% સભ્ય ખેતીકામ અને મજૂરીકામ કરતા હોય છે તેથી આ સભ્યો મિટિંગમાં હાજર રહે તે માટે સવારના ૭.૦૦ થી ૮.૩૦ અથવા સાંજે ૭.૩૦ થી ૯.૦૦ ના સમયે કરવી જોઈએ જેથી કરીને એસ.એમ.સી સભ્યોને પોતાનું કામ છોડવું ના પડે. બને ત્યાં સુધી આ મિટિંગ ગામમાં શેરીમાં અથવા તો એસ.એમ.સી.સભ્યના ઘરે તેમના અનુકૂળના સમયે કરવી જોઈએ.
- એસ.એમ.સી. સભ્યને પોતાના ભાગે આવતી જવાબદારી અને કામની જાણ હોવી જોઈએ.
- એસ.એમ.સી. સભ્ય શાળા અને બાળકોને કેવી રીતે વધુ ઉપયોગી થાય શકે તે મુદ્દે ચર્ચાવિચારણા કરવી જોઈએ.
- SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) અને RTE (રાઈટ ટુ એજ્યુકેશન)વિષે જાણકારી આપવી જોઈએ અને એસ.એમ.સી.સભ્યો થકી શાળાને મળતા લાભો વિષે જાણ કરવી જોઈએ.
- એસ.એમ.સી. સભ્યને મિટિંગ વિશેની જાણકારી કાર્ડ આપીને કરવી જોઈએ.
- શાળામાં થતા કામમાં એસ.એમ.સી.સભ્ય પોતે કઈ રીતે શાળાને મદદરૂપ થાય તેની જાણ શિક્ષક દ્વારા એસ.એમ.સી.સભ્યોને જાણ કરવી જોઈએ.
- મિટિંગ દરમિયાન એસ.એમ.સી.સભ્ય જો પોતાનો વિચાર રજુ કરવા ઈચ્છે તો તેને વિચાર રજુ કરવા દેવો જોઈએ .
- મિટિંગ ઓછા સમયમાં વધુ મુદ્દાની ચર્ચા થાય એ બાબત ધ્યાન દેવું જોઈએ.

(૨) શાળામાં થતી વાર્ષિક મોટી વાલીમીટિંગમાં એસ.એમ.સી. સભ્ય પૈકી જે સભ્યે વર્ષ દરમિયાન સૌથી વધારે વાર મિટીંગમાં હાજર રહ્યા હોય, અનિયમિત બાળકોને નિયમિત કર્યા હોય, શાળા વિકાસમાં મદદરૂપ થયા હોય જેવા જુદા જુદા માપદંડ દ્વારા શ્રેષ્ઠ એસ.એમ.સી.સભ્યને બધાની હાજરીમાં અવોર્ડ આપીને સન્માનિત કરવમાં આવે છે. (તેરૈયા રાજેશભાઈ-અમરેલી,પટેલ ઘનશ્યામભાઈ-ધ્રાંગધ્રા)

**(૨૧) પ્રશ્ન: એક એસ.એમ.સી.સભ્ય તરીકે આપે આપની શાળા માટે શાળા મૈત્રી-વિચારો અને પ્રવૃતીનું આદાન-પ્રદાન બીજી શાળાની મુલાકાત દ્વારા થાય તેવું આયોજન કરેલ છે? જો હા તો ટૂંકમાં જણાવો.**

**તારણ:** કુલ ૧૦૦ એસ.એમ.સી. સભ્યમાંથી ૫૩ શાળામાં આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

૧) શાળા મૈત્રી વિકસાવવા બાજુની શાળામાં થતા સંસ્કૃતિક કાર્યક્રમ, વાર્ષિક કાર્યક્રમ, પ્રવાસનું આયોજન, રમત-ગમતનું વગેરેનું આયોજન કરવામાં આવે છે જેમાં શાળાના શિક્ષક, એસ.એમ.સી. સભ્ય અને બાળકો હોશભેર ભાગ લે છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા માટે ઇનામવિતરણ કરવામાં આવે છે.

૨) બે શાળા વચ્ચે વિચારોનું આદાન પ્રદાન વધે તે હેતુ થી બે શાળા વચ્ચે પ્રશ્નોતરી પ્રકારની ક્વિઝનું આયોજન કરવામાં આવે છે. આ પ્રવૃતિમાં રમતા રમતા બાળકો પોતાના વિચાર અને પ્રશ્નો ક્વીઝમાં રજુ કરે છે અને પોતાનું જ્ઞાન વધારે છે.

૩) બે જુદી જુદી શાળાના બાળકો વચ્ચે મૈત્રી સ્થપાય તે હેતુથી બે શાળા વારાફરતી એક બીજાની શાળાના બાળકો સાથે રાખીને મુલાકાત કરવામાં આવે છે અને તે શાળાની નવીન પ્રવૃત્તિ તથા તેના વિષે નવું શીખવાનો પ્રયાસ કરે છે. ત્યારબાદ શાળાના બાળકો બીજી મુલાકાતી શાળામાંથી આવેલ વિદ્યાર્થીઓ, એસ.એમ.સી. સભ્ય તથા શિક્ષક ગામની મુલાકાત કરાવે છે અને ગામના ઇતિહાસની વાતો ગામના વડીલ લોકો પાસેથી જાણે છે.

### (૨૨) પ્રશ્ન: આ પ્રવૃત્તિના કરતા હોય તો આવી પ્રવૃત્તિ શાળામાં શરુ કરવા માટે તમે કેવા પ્રકારનું આયોજન કર્યું છે. ટૂંકમાં જણાવો.

**તારણ:** કુલ ૧૦૦ એસ.એમ.સી. સભ્યમાંથી ૪૭ શાળામાં આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવેલ નથી પરંતુ હવે પછી આ પ્રકારની પ્રવૃતિનો શાળામાં અમલ થાય તે માટે નીચે મુજબ અયોજન કરેલ છે.

૧) શાળા દ્વારા બહાર પાડવામાં આવતું ઈ-મેગેઝીન "ધબકાર" ના માધ્યમ થી આજુબાજુની જેટલી શાળા આવેલ છે તેને એક પત્ર દ્વારા જાણ કરવામાં આવશે કે જે વિદ્યાર્થી અથવાતો શિક્ષક કોઈ વાર્તા, કવિતા કે કોઈ નાટક ની રચના કરતા હોય તેઓને આ મેગેઝીનમાં ચમકવાનો મોકો આપીશું. જેથી બાળકોમાં ક્રીએટીવીટી વધે અને વાંચન લેખન સારું બને.

૨) સ્થાનિક કક્ષાએ રમત-ગમત, સંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રવાસનું આયોજન કરીને બાળકોને વધુ એકબીજાની પાસે લાવીશું જેથી તેઓ ખુલ્લા મને પોતાની વાતો બીજાને કહી શકે.

૩) એક ગણિત-વિજ્ઞાનના શિક્ષક દ્વારા "વિજ્ઞાન મસલ" નામનો કાર્યક્રમ કરશે જેમાં શાળાના ૨-૩ બાળકો એક ગણિત-વિજ્ઞાનનું મોડેલ લઈને શાળાની પેટા શાળામાં જશે અને ત્યાના બાળકોને આ વિષે માહિતી આપશે તથા તેઓને આવી પ્રવૃત્તિ કરવા પ્રોત્સાહિત કરશે.

### (૨૩) પ્રશ્ન: એસએમસી શાળાના વિકાસ માટે કેવા સ્થાનિક ઉપાયો કરી શકે?

**તારણ:** આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) સમુદાયની ભાગીદારી વધારવી, વાલી સંપર્ક

૨) શાળાની કામગીરીમા મદદ કરીને ગુણવત્તા લક્ષી શિક્ષણ પૂરું પાડવુ
૩) શાળામા ભૌતિક સગવડો પુરી પાડવી અને
૪) લોકફાળો ભેગોકરવો.

## (૨૪) પ્રશ્ન: આપ આપની શાળાના નવીન કાર્ય બીજી શાળાઓ સુધી પહોચાડવા અને અન્ય શાળાની પ્રવૃતિઓ વિષે જાણકારી લેવા શું પ્રવૃત્તિ કરશો?

**તારણ:** જવાબ આપનાર સભ્યોમાંથી સૌથી વધુ પસંદ કરવામાં આવેલ પ્રવૃત્તિ નીચેની છે જે કરવા માટે ૪૫% સભ્યો સહમત થાય છે.
બ્લોગ, વેબ સાઈટ, ફેસબુક પેજ અને વોટ્સએપ ગ્રુપ જેવા માધ્યમથી સતત શાળાઓના સંપર્કમાં રહી તેમની સાથે નવીન પ્રવૃત્તિ અને સમસ્યા અંગે ચર્ચા કરી સમાધાન મેળવવા.

## (૨૫) પ્રશ્ન: આપે આપની શાળાની કઈ પ્રવૃતિમાં ફાળો આપ્યો છે? ટૂંકમાં વિગત જણાવો.

**તારણ:** સભ્યો દ્વારા વિવિધ શાળાકીય પ્રવૃતિઓમાં ફાળો આપવામાં આવ્યો છે જેની વિગત નીચે મુજબ છે.
૧) શાળામાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેમકે વૃક્ષ રોપણ, ઈકો ક્લબ અને વાંચન મેળામાં એસ.એમ.સી. સભ્ય તરીકે પુરતો સહયોગ આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓમાં વાંચન વિકાસ માટે દરરોજ ૧ કલાક પુસ્તકાલયમાં વાંચન કરાવાય છે.
૨) એક શાળામાં એસ.એમ.સી. સભ્યોને અલગ અલગ વાર પ્રમાણે કામ સોંપવામાં આવ્યું છે જે પ્રમાણે તેઓ શાળામાં વિવિધ કાર્યક્રમ અને પ્રવૃતિઓ કરાવે છે. આ પદ્ધતિથી કાર્ય વહેંચણી સરળતાથી થાય છે.
૩) સભ્યોની મદદથી શાળામાં વિદ્યાર્થીઓ પાસે અઠવાડિયામાં એક વાર પુસ્તક વાંચવા અપાય છે અને પ્રાર્થનાસભામાં તેઓ પુસ્તક વિશેના વિચારો રજુ કરે છે અને સૌના જ્ઞાનમાં વધારો થાય છે.
૪) એક શાળામાં ખુલ્લું પુસ્તકાલય નામક પ્રવૃત્તિ ચાલે છે જેમાં શાળામાં પુસ્તકો ખુલ્લા રાખવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તેમની અનુકુળતા પ્રમાણે પુસ્તકો વાંચે છે.આ જ રીતે શાળામાં એસ.એમ.સી. દ્વારા સંગીત કાર્યક્રમનું આયોજન કરાય છે જેમાં જે વિદ્યાર્થીઓ સંગીતમાં રસ ધરાવતા હોય તેઓ ભજન, લોકગીત, કવિતા, બાળ વાર્તા રજુ કરે છે અને સાથે જ ઢોલક, તબલા, હાર્મોનિયમ જેવા વાદ્ય પણ વગાડવામાં આવે છે.
૫) એક શાળામાં સભ્યો દ્વારા પુસ્તક ઉપરાંત વર્તમાનપત્ર વાંચન, પ્રોજેક્ટ વર્ક, વાર્તાલેખન જેવી પ્રવૃતિઓ વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવે છે અને પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓ પાસે 'જાણવા જેવું' કાર્યક્રમ હેઠળ વિવિધ સમાચાર પણ રજુ કરવામાં આવે છે.
૬) શાળામાં વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન શીખવામાં રસ ઓછો પડતો હોવાથી એસ.એમ.સી. સભ્યોની મદદ દ્વારા શિક્ષકે ઇ.સ. ૧૮૫૭ ના વિપ્લવથી લઈ ને ભારતની આઝાદી સુધીના મોટા ભાગના ક્રાંતિકારીઓઓના ફોટા અને તેમણે કરેલ મહત્વની ક્રાંતિકારી પ્રવૃત્તિઓની માહિતી દર્શાવતા કાર્ડ

વિદ્યાર્થીઓની મદદથી તૈયાર કર્યા જેમાં તેમના વિશેની ટૂંકી અને સચોટદાર માહિતી મૂકવામાં આવી જે માહિતિ વિદ્યાર્થીઓ દરરોજ પ્રાર્થનામાં પોતાના હાજરી ક્રમાંક મુજબ રજૂ કરતા. જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ દેશના વિવિધ ક્રાંતિકારીઓ વિશે જાણતા થયા અને તે જાણવામાં તેમને રસ પણ ઉત્પન્ન થયો.

**(૨૬) પ્રશ્ન: શું આપને શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા અને જવાબદારી અંગેની તાલીમ મળેલ છે? તાલીમ કોના દ્વારા આપવા માં આવી હતી? તાલીમ માં કયા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી? શું આ તાલીમ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોની કામગીરીમાં મદદરૂપ થઇ છે?**

**તારણ:** એસ.એમ.સી. સભ્યે આપેલ જવાબ નીચે મુજબ છે.

૧) ૯૦% એસ.એમ.સી.સભ્યને શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા અને જવાબદારી અંગેની તાલીમ મળેલ છે.

૨) એસ.એમ.સી. સભ્યોને બી.આર.સી. દ્વારા, સી.આર.સી. દ્વારા, શિક્ષણવિદ દ્વારા, એસ.એમ.સી. અધ્યક્ષ દ્વારા, શાળાના શિક્ષકો અને આચાર્ય દ્વારા, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાલીમ મળેલ છે.

૩) તાલીમ દરમિયાન અનિયમિત વિધાર્થીઓને નિયમિત કરવા, નામાંકરણ, શાળાના ભૌતિક અને પર્યાવરણના વિકાસ, શાળા સાથે ગામલોકોને જોડવા, એસ.એમ.સી. સભ્યોનની જવાબદારી અને ફરજો, મધ્યાહ્ન ભોજન, બાળ અધિકાર, શાળામાં શૌચાલયની સુવિધા, રમત-ગમ્મતની સુવિધા, શાળાને મળતી ગ્રાન્ટ, વિકલાંગ બાળકોનું શિક્ષણ અને તેમના અધિકાર જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે.

૪) ૯૩% એસ.એમ.સી. સભ્યોને મળેલ તાલીમ શાળામાં કામગીરીમાં મદદરૂપ થાય છે.

**(૨૭) પ્રશ્ન: નાણાકીય વ્યવહાર માટે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) પાસે સત્તાઓ છે?**

**તારણ:** હા, નાણાકિય વ્યવહાર માટે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) પાસે નીચે પ્રમાણેની સત્તા છે.

૧) શાળાને સરકારશ્રી તરફથી મળતી વિવિધ નાણાકિય સહાય (ગ્રાન્ટ) જે તે સહાયની શરતોને આધીન રહીને કેવી રીતે વાપરવી તે નક્કી કરશે.

૨) જે હેતુ માટે ગ્રાન્ટ મળી હોય તે જ હેતુ માટે વપરાય એની ખાતરી કરશે.

૩) આ ઉપરાંત બીજી નાણાંકીય જવાબદારી જેવી કે દરેક બાળકને પાઠ્યપુસ્તકો, ગણવેશ મળવા જોઈએ, તેમજ આ કાયદાથી શાળાને સોંપવામાં આવેલી અન્ય જવાબદારીઓ પૂરી કરવા માટે આવશ્યક નાણાંકીય જરૂરિયાતોની નોંધ લઈને તેનો અંદાજ તૈયાર કરીને શાળા વિકાસ યોજનામાં સમાવેશ કરાવશે.

**(૨૮) પ્રશ્ન: SMCના સભ્યો દ્વારા શાળાના શૌચાલય અંગે નીચેનામાંથી કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.**

**તારણ:** ૯૫% સભ્યો કન્યા અને કુમાર માટે અલગ અલગ શૌચાલય છે કે નહિ તે બાબત ધ્યાનમાં લે છે. ૮૪% સભ્યો શૌચાલયમાં પાણીની વ્યવસ્થા છે કે નહિ તે બાબત ધ્યાનમાં લે છે, ૮૨% સભ્યો શૌચાલય સ્વચ્છ છે કે નહિ તે બાબત ધ્યાનમાં લે છે. ૭૬% સભ્યો શૌચાલયનો ઉપયોગ થાય છે કે નહી તે બાબત ધ્યાનમાં લે છે. ૭૪% સભ્યો શૌચાલય ઉપયોગી છે કે બિન ઉપયોગી તે બાબત ધ્યાનમાં લે છે.

**www.inshodh.ORG**

**Educational Innovations Bank**

**“મારો નવતર પ્રયોગ મારા વિદ્યાર્થીઓ માટે”**

| |
|---|
| Website: www.inshodh.org |
| Facebook Page: Education Innovation Bank |
| Facebook Group: Teachers Innovation |
| Facebook Group: Innovative Women Teachers |
| YouTube Channel: Teachers as Transformers |
| WhatsApp Mobile Number: +૯૧-૯૭૨૭૭૪૦૧૪૮ |

## આપનો નવતર પ્રયોગ ઓનલાઈન સબમિટ કરો

**પ્રથમવાર નવતર પ્રવૃત્તિ ઓનલાઈન સબમિટ કરનાર માટે સુચન:**

(૧) સૌપ્રથમ આઈ.આઈ.એમ. ની વેબસાઈટ www.inshodh.org ખોલો.




(૨) વેબસાઈટ ખુલ્યાબાદ યોગ્ય ભાષા પસંદ કરવા માટે મુખ્યપેજની ઉપરની બાજુ પર ભાષા નો ઓપ્શન આપેલ છે અંગ્રેજી અથવા ગુજરાતી પસંદ કરો. ત્યારબાદ LOGIN/ SUBMIT INNOVATION પર ક્લિક કરો.




(૩ ) **જુના યુઝર્સ** છે તે ડાયરેક્ટ E-mail Id અને Password નાખ્યા બાદ લોગીન કરી શકે છે.
**નવા યુઝર્સ** માટે Creat New Account પર ક્લિક કરીને અકાઉન્ટ બનવું પડશે




(૪) તમારું www.inshodh.org ના અકાઉન્ટની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે હવે તમારું અકાઉન્ટ ખોલવા માટે વેબસાઈટના મુખ્ય પેજ પર LOGIN બટન પર ક્લિક કરો. ત્યારબાદ તમે સુચન નંબર ૩ માં જે E-MAIL ID અને PASSWORD એન્ટર કર્યું હોય તે દાખલ કરો અને LOGIN બટન પર ક્લિક કરો.




નોંધ: જે લોકોને પોતાનો પાસવર્ડ યાદ ના હોય અથવા ભૂલાય ગયો હોય તે FORGOT PASSWORD પર ક્લિક કરો.

(૫) LOGIN કર્યા બાદ નીચે દર્શાવેલ પેજ ખુલશે જે માંથી ADD INNOVATION પર ક્લિક કરો.




(૬) ત્યારબાદ જે પેજ ખુલશે તેમાં આપે કરેલ નવતર પ્રવૃત્તિ અંગેની માહિતી વિસ્તારથી લખવાની રહેશે. તથા નવતર પ્રવૃત્તિના કોઈ વીડિઓ હોય જો YOUTUBE પર હોય તો તેની લીંક મુકવાની રહેશે, અને સાથે પ્રવૃતિના ફોટા હોય તો તે પણ મૂકવના રહેશે.

૧ થી ૬ સ્ટેપ સુચન FOLLOW કાર્ય બાદ અંતે SUBMIT પર ક્લિક કરો.




(૭) ત્યાર બાદ એક THANKS FOR SUBMIT YOUR INNOVATION લખેલી સ્લાઈડ આવી જશે એટલે તમારો નવતર પ્રયોગ SUCCESSFULLY SUBMIT થયેલ છે, સબમિટ કરેલ નવતર પ્રવૃત્તિમાં એડિટ કરવા EDIT બટન પર ક્લિક કરો એડિટ કાર્ય બાદ ફરીથી સબમિટ કરો.

બીજો નવો નવતર પ્રયોગ સબમિટ કરવા HOME પર ક્લિક કરો.




**નોંધ: બીજીવાર નવતર પ્રયોગ SUBMIT કરનાર માટે (જે લોકો એ પહેલેથી જ WEBSITE પર REGISTERD છે તે લોકો) ખાલી સુચન નંબર ૫ થી ૭ FOLLOW કરો એટલે તમારું ઇનોવેશન SUBMIT થઈ જશે.**

<u>અગાઉ સબમિટ કરેલ ઇનોવેશનમાં એડિટ કરવા માટે :</u>

www.inshodh.org પર લોગીન કરો.
લોગીન કર્યા બાદ DASHBOARD ખુલશે.
નીચેની બાજુ આપે સબમિટ કરેલ ઇનોવેશન નું લીસ્ટ હશે.
ઇનોવેશનમાં સુધારો કરવા ટાઈટલ ની સામે EDIT INNOVATION બટન પર ક્લિક કરો.

ડોક્યુમેન્ટ માં સુધારો કરવા UPLOAD DOCUMENT પર ક્લિક કરીને સબમિટ પર ક્લિક કરો.




---

## તમારું ઇનોવેશન સોશીઅલ મીડિયામાં પ્રચાર કરવા

ઉપરના ફોટામાં જે પ્રમાણે ઇનોવેશન લીસ્ટ ખુલ્યું તેમાં ઇનોવેશન પર ક્લિક કરો, તમારું ઇનોવેશન ડેસ્કટોપ ખુલી જશે. ઇનોવેશનની નીચે SHARE કરીને ઓપ્શન છે તે પસંદ કરીને તેમાં આપેલ અલગ અલગ માધ્યમ પસંદ કરીને પ્રચાર કરી શકો છો.



**EI-BANK દ્વારા શિક્ષકો માટે જુદી જુદી પ્રવૃત્તિ ચાલી રહી છે જેમાં જોડાવા અને જાણવા માટે નીચેના QR-CODE સ્કેન કરો.**

(૧) ઇનોવેશન બેંક (www.inshodh.org)

(૨) ઓનલાઈન ઇનોવેશન સબમિશન

(૩) ઓનલાઈન ઈનોવેશન કેવી રીતે સબમીટ કરવું

(૪) ફેસબુક પેજમાં જોડવવા (Education Innovation Bank)

(૫) મહિલા ફેસબુક ગ્રુપ (Innovative Women Teachers)

(૬) યુટ્યુબ ચેનલ (Teachers as Transformer)

(૭) મોબાઈલમંચમાં જોડાવવા

(૮) SMC મોબાઈલમંચના પ્રશ્નો વાંચવા

(૯) શિક્ષકોના મોબાઈલમંચના પ્રશ્નો વાંચવા.

(૧૦) ચિલ્ડ્રન કોર્નર-વાર્તા

(૧૧) ચિલ્ડ્રન કોર્નર-વીડિઓ (Math/ Science)

(૧૨) ચિલ્ડ્રન કોર્નર-પ્રોજેક્ટ (Math/ Science)

(૧૩) સમ્પ્રત્ય-મહિલા શિક્ષકના નવતર પ્રયોગની બુક

(૧૪) EI-BANK બ્રોશર